ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૩ || અંકઃ ૨ || ફેબ્રુઆરી ૨૦૨૧ || સળંગ અંક : ૫૯૨

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in

# S.M. Patel College of Home Science




- Recognized under section 2 (f) & 12 B of the UGC Act.
- One of the few colleges to receive the status of "College with Potential for Excellence" CPE-II by UGC.
- Secured Rank 15 out of 68 colleges of Gujarat, in Gujarat State Institution Ranking Framework (GSIRF).
- National Magazine – INDIA TODAY 2020 declared S.M. Patel College of Home Science College at 90th Rank among 120 Best Science Colleges of India.

(Read more about this Institute on page no.30)




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ફેબ્રુઆરી - ૨૦૨૧

વર્ષઃ ૨૩ અંકઃ ૨

સળંગ અંકઃ ૫૯૨

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષઃ ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते ।

તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ

સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર



અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ્ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

માનદ્ સહમંત્રીઓ

• શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ

• શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**न चन्दनं चन्द्रमरीचिशीतलं न हर्म्यपृष्ठं शरदिन्दुनिर्मलम्।**
**न वायवः सान्द्रतुषारशीतला जनस्य चित्तं रमयन्ति साम्प्रतम्।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

आजकल चन्द्रकिरणों के समान शीतल चन्दन तथा शरत् - चन्द्र से धवलित छतें एवं खूब बरफ से शीतल पवन मनुष्यों के चित्तों को आनन्दित नहीं करते।

श्लोक-३, पंचम सर्ग (शिशिरवर्णनम्) पंचम सर्ग


॥ અતીતની અટારીએથી ॥ ભાઈકાકા એક રાજપુરુષ
» **પુરુષોત્તમ ગ.માવળંકર..................................૩**

॥ પ્રાથમ્ય ॥ ઊંચાઈને આંબીએ
» **એસ.જી.પટેલ..........................................૭**

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
» **રતનદાસ, દેવાનંદ, તુલસીદાસ, સંત કબીર..............૯**

॥ નવાં કાવ્યો ॥
» **કેશુભાઈ દેસાઈ, સુધીર પટેલ, ગજાનન પટેલ, રાકેશ હાંસલિયા .......................................૧૦**

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ) પાઠ પાકો નથી થયો
» **મનુભાઈ પંચોળી.......................................૧૧**

॥ અનુવાદ ॥ તાજમહાલ - બંગાળી વાર્તા
» **બનફૂલ (અનુવાદ : રમેશ એમ. ત્રિવેદી)..............૧૨**

॥ લઘુકથા-૧ ॥ પાપ કે પુણ્ય?
» **ભગીરથ બ્રહ્મભટ્ટ .......................................૧૪**

॥ લઘુકથા-૨ ॥ સાચી ગુરુદક્ષિણા
» **રસેશ રાવલ ..........................................૧૪**

॥ ટૂંકી વાર્તા ॥ પાલવ
» **અંકિતા પનારા 'અતિશ'...............................૧૫**

॥ માનવતાની મહેંક ॥ મણકો-૫
» **શીલા વ્યાસ...........................................૧૯**

॥ હાસ્ય નિબંધ ॥ શાલ અને સન્માન
» **નગીન દવે.............................................૨૦**

॥ સાંપ્રત ॥ No More A Distant Dream
» **Satya Ramesh......................................૨૨**

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ ભારતીય જ્ઞાન-વિજ્ઞાન પરંપરાના ભેખધારી- શ્રી ધર્મપાલજી
» **શ્યામ ખંભોળજા .......................................૨૫**

॥ આયુર્વેદ ॥ જન્મદિવસ ઉજવણીની સાંસ્કૃતિક પદ્ધતિ
» **સાગર ભીંડે............................................૨૬**

॥ વિશેષ ॥ મુજ મનની ભાષા, મારી માતૃભાષા ગુજરાતી
» **રમા પરમાર...........................................૨૭**

॥ સંસ્થા પરિચય ॥ S.M. Patel College of Home Science
» **Dr. Bhavna Chauhan...........................૩૦**

॥ રમત-જગત ॥ Physical Education and Nation Building
» **P.D.Sharma .........................................૩૩**

॥ અહેવાલ ॥ A Two-Day National Seminar cum Exhibition on Rabindranath Tagore
» **Dr. Mitul Trivedi ................................૩૩**

॥ વિદ્યાવૃત્ત ॥
» **૬, ૮, ૧૧, ૧૪, ૧૮, ૩૨**




ISSN 0976 – 9609

## ભાઈકાકા : એક રાજપુરુષ

પુરુષોત્તમ ગ.માવળંકર

ભાઈકાકાને એક રાજકારણી તરીકે આપણે છેલ્લાં અનેક વર્ષો સુધી જોયા છે. પરંતુ ભાઈકાકાને એક રાજકારણી તરીકે જોવાનો આપણે જ્યારે પ્રયાસ કરીએ છીએ ત્યારે, મને લાગે છે કે, તેમને કેવળ રાજકારણી તરીકે જોવાનો પ્રયાસ અધૂરો ગણાશે. ભાઈકાકાનું રાજકારણ, એમની નૈતિક પ્રતિભા, એમની રાજકીય અને પક્ષીય પ્રવૃત્તિઓએ બધું એમના સમગ્ર જીવનના ભાગરૂપે હતું. જીવનને તેઓ જે રીતે જોતા હતા અને પોતાના જીવનમાં જે વિશિષ્ટ મથામણો એમણે કરી હતી અને અનુભવી હતી – એ બધી બાબતોને પણ ભાઈકાકાએ એમના રાજકારણ અને રાજકીય કાર્યો સાથે વણી લીધી હતી. ભાઈકાકાનો જીવનપટ વિશાળ હતો. રાજકારણ એમના જીવનનું માત્ર એક પાસું હતું. પણ કેવળ રાજકીય કામ અને પદથી એ કદી ઓળખાતા નહોતા. તેઓ ઓળખાય છે એમના નામથી, કામથી અને સંસ્કારથી.

ભાઈકાકાને રાજકારણી તરીકે જોતી વખતે પહેલી જ બાબત સચોટતાથી એ દેખાય છે કે રાજકારણ કે રાજકારણની પ્રવૃત્તિ ભાઈકાકાએ જીવનના નિવૃત્તિ કાળ પછી આદરી... ભાઈકાકા એક કાર્યક્ષેત્રમાંથી નિવૃત્ત થાય છે કે તરત જાહેર જીવનમાં અને પછી રાજકારણમાં વધુ ને વધુ વેગથી પ્રવૃત્ત થતા રહે છે. તેમણે જોયું કે ગુજરાતના જાહેર જીવનમાં અને રાજકીય કાર્યક્ષેત્રમાં જાતજાતની પકડ છે, જૂથબંધી છે ને વાડાબંધી છે. એમાંથી ગુજરાતને અને ઊછરતી પેઢીને બચાવવા માટે ભાઈકાકાએ રાજકારણમાં ઝંપલાવ્યું. ભાઈકાકાનું રાજકારણ એ દૃષ્ટિએ જાહેર જીવનના ભાગરૂપે હતું. એમણે એમનું રાજકારણ કદી એક પક્ષ પૂરતું મર્યાદિત ગણ્યું કે રાખ્યું નહોતું. લોકશાહીનાં મૂલ્યો માટેનું રાજકારણ ભાઈકાકાએ ખેલ્યું. પક્ષોના અને જૂથોના વાડાઓમાંથી બહાર નીકળીને મુક્તિની આબોહવા સ્વતંત્ર ભારતની પ્રજાને મળે એ માટેનું ભાઈકાકાનું રાજકારણ હતું. શું કરીએ? – એમ કહીને લાચારી અનુભવતા અને આચરતા રાજકારણીઓ અત્રતત્ર સર્વત્ર દેખાય. પણ ભાઈકાકાનું રાજકારણ આવી કોઈ લાચારીની ભાવનામાંથી પ્રગટ થયેલું કે ચાલેલું નહોતું. આનું મુખ્ય કારણ એ છે કે ભાઈકાકાને મન રાજકારણ એ કોઈ ધંધો નહોતો, પણ એક ધર્મ હતો. આ અર્થમાં તેઓ રાજપુરુષ હતા. પ્રવર્તમાન પરિસ્થિતિ અને તેમાં રહેલી કેટલીક વિપત્તિઓ અને વિકૃતિઓ ન જોઈ કે ન સહી શકવાથી ભાઈકાકાએ રાજકારણમાં ઝંપલાવ્યું હતું. અન્યાય અને આપખુદી સામે ઝઝૂમવાની અને લડવાની ધગશ એમના મનમાં હતી. તે સાથે જ, એમને કશુંક નવું સર્જવું પણ હતું.

ભાઈકાકાનું રાજકારણ પ્રારંભથી બે ધારવાળું હતું. ખંડનાત્મક અને રચનાત્મક. ગુજરાતમાં સ્વરાજ્યના પ્રારંભિક દશકાઓમાં જ ''સર્વોચ્ચ શાહી'' એવી તો જબરજસ્ત અને જડતાથી ઘર

ISSN 0976 – 9609

કરી ગઈ હતી કે એનું મંડન અને ખંડન એ જ ભાઈકાકાનું સર્વપ્રથમ રચનાત્મક કાર્ય બની રહ્યું. ગુજરાતમાં તે વખતે કોંગ્રેસ પક્ષની બોલબાલા હતી. નેતાની સામે બોલવાની કોઈ કાર્યકરની હિંમત નહોતી. સ્વરાજ્યનાં શરૂઆતનાં વર્ષોમાં આપણે સરદારશ્રીને ખોયા, ત્યાર પછી કેટલાક નૂતન રાજકારણી-સરદારો ઊભા થવા લાગ્યા. તેઓ જાણે એમ જ માનવા લાગ્યા કે ગાંધી-સરદારનો ગુજરાતમાંનો વારસો એમને જ મળ્યો છે. તે સમયે જનસમુદાયમાં કોંગ્રેસની પ્રતિષ્ઠા સારી હતી. એવા સમયમાં કોંગ્રેસ સામે મેદાને પડવું એ ખૂબ અઘરૂં હતું. તેમ છતાં, બરાબર એ જ સમય-પચાસના દાયકાના પ્રારંભમાં ભાઈકાકાએ રાજકારણમાં ઝંપલાવીને, ગુજરાતમાં ઘર કરવા લાગેલી સર્વોચ્ચશાહીને તોડવાનું કામ આબાદ રીતે શરૂ કર્યું. એને માટે ભાઈકાકાને એક રાજકારણી તરીકે આપણે અવશ્ય અભિનંદન આપવા ઘટે.

ભાઈકાકાના રાજકારણના પાયામાં ગ્રામજનતા હતી અને ગામડાઓના લોકોનું કલ્યાણ હતું. આમજનતાને અગ્રેસર ગણીને એમણે રાજકીય કાર્યનો આરંભ કર્યો હતો. ભાઈકાકાનું રાજકારણ એ રીતે વાસ્તવિકતાના પાયા પર રચાયું હતું. બ્રિટિશકાળમાં ગામડાંઓ તૂટ્યાં હતાં. તેમને ફરી નવા પડકારો માટે તૈયાર કરવાની ભાઈકાકાને તમન્ના હતી. ભારતના ગ્રામવાસીઓને બેઠાં કરીને, ઊભાં કરીને, દોડતાં કરીને એમનામાં આત્મવિશ્વાસ પ્રગટાવવાનો ભાઈકાકાને હરખ હતો. ટૂંકમાં, ભાઈકાકાનું રાજકારણ એ ગ્રામજનતાના કલ્યાણ માટે મથામણ કરનારું રચનાત્મક રાજકારણ હતું. સ્વાર્થ પર એ રચાયું ન હતું. બલ્કે, પ્રજાકીય સુખાકારીના લક્ષ્યાંકો સિદ્ધ કરવા એ રચાયું હતું. અંગત લાભ કે લોભ એમાં જરા સરખો પણ પ્રવેશ્યો નહોતો. સસ્તી પ્રતિષ્ઠા મેળવવાની લાલસા એમાં ન હતી.

ભાઈકાકાના જીવનમાં રાજકીય સૂત્રબદ્ધ વિચારધારાને ઝાઝો અવકાશ નહોતો. એમની વિચારસરણી રાજકીય ઢબે ખાસ ઓપ અપાયેલી એવી - politically articulated ideology - નહોતી. રાજકીય વિચારધારાને સૂત્રબદ્ધ કરીને અણીશુદ્ધ બનાવવી અને એ મુજબ વૈચારિક પાયો મજબૂત કરવો એવી કશીક ખાસ ભાંજગડમાં ભાઈકાકા ભાગ્યે જ પડતા હતા. કદાચ એ પ્રકારની પ્રતિભા કે શક્તિ પણ નહોતી. પરંતુ વાસ્તવિકતાનો એમનો પાયો મજબૂત હતો અને પરિસ્થિતિને અનુરૂપ પણ હતો. ભાઈકાકાએ આદર્શવાદની તાત્ત્વિક ભૂમિકાને બદલે વાસ્તવિક ભૂમિકા પર પોતાના રાજકારણની માંડણી કરી હતી. જોકે, સાથે સાથે, એની એક નબળી કે કાચી કડી વિશે પણ અહીં મારે ઉલ્લેખ કરવો જોઈએ. તે એ કે, ભાઈકાકાના રાજકારણને સુરેખ એવો વૈચારિક (ideological) પાયો અગર સંદર્ભ ન મળવાને કારણે એમની પંગતમાં ભાતભાતના ને ક્યારેક ભળતા જ લોકો પણ ભળી ગયેલા. રાજકારણી તરીકે ભાઈકાકાએ દૃષ્ટિવંત નેતાગીરી આપી, રાજકીય સંગઠનને તેમણે દૃઢ બનાવ્યું, આમજનતાના હૈયામાં સોંસરી ઊતરી જાય એ રીતે ભાઈકાકાએ પોતાની વાત વિશિષ્ટ રીતે રજૂ કરી. પરંતુ, આ બધું કરવા છતાં ય કેવળ એક

 ISSN 0976 – 9609

વિચારધારાના અભાવે... લોકશાહીના માળખામાં પૂરતાં ઊંડા મૂળિયાં પકડી ના શકાયા. શિક્ષિત મધ્યમવર્ગ અને બુદ્ધિજીવી ''ભદ્રવર્ગ'' સમક્ષ ભાઈકાકાની વાત બરાબર પહોંચી ન શકી... આ વર્ગના લોકોને ભાઈકાકાની વાતમાં વજૂદ અવશ્ય જણાતું હતું, પણ રાજકીય રીતે એમને એમાં કંઈક અધૂરપ લાગતી હતી. તમામ શિક્ષણનો પાયો ચારિત્ર્ય છે એમ માનનારા ભાઈકાકા હતા. એટલે રાજકારણનો પાયો પણ નૈતિક અને શિસ્તમય છે એમ તેઓ સમજતા હતા. ભાઈકાકાએ પ્રારંભમાં લોકપક્ષ સ્થાપ્યો અને પછી ૧૯૫૯ના ઓગસ્ટમાં સ્વતંત્ર પક્ષની સ્થાપના ગુજરાતમાં કરવાનું ભગીરથ કાર્ય કરી બતાવ્યું. પ્રપંચ કે કાવાદાવાથી એ રાજકારણ લડતા નહોતા. ભાઈકાકાના હાથ જેમ જેમ મજબૂત બન્યા તેમ તેમ સ્વતંત્રપક્ષ વિકાસ પામતો ગયો અને ભાઈકાકા પોતે જ્યારે શારીરિક રીતે તેમજ અમુક અંશે રાજકીય રીતે નબળા પડ્યા ત્યારે પક્ષના ટેકેદારો અને એનું તંત્ર વેરવિખેર થવા લાગ્યું. પરંતુ, ભાઈકાકા માટે કહેવું જોઈએ કે પરાજયથી એ કદી ડગ્યા નહોતા અને પક્ષનું સંગઠન એમણે પોતાનાથી બની શક્યું ત્યાં સુધી બરાબર મજબૂત કર્યે રાખેલું. રાજકારણમાં પણ તેઓ શિસ્ત અને સંયમના ભારે આગ્રહી હતા. તેનો જ્વલંત દાખલો એ છે કે જ્યારે તેઓ ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે એમણે પહેલું કાર્ય એ કર્યું કે ચારુતર વિદ્યામંડળ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓના હોદ્દેદાર તરીકે રાજીનામું આપ્યું. શિક્ષણ અને પક્ષીય રાજકારણની ભેળસેળ એમણે થવા દીધી નહીં... એક વાત ચોક્કસ છે કે ભાઈકાકાએ ઊભો કરેલો સ્વતંત્ર પક્ષનો મજબૂત કિલ્લો દઢતર કરવા માટે એમને થોડાં વધુ વર્ષ અને હજી કેટલાક વધુ વફાદાર સાથીઓ મળ્યા હોત તો ગુજરાતનું રાજકીય ચિત્ર જુદું જ હોત.

વિવિધ પ્રકારના રાજકીય વિરોધીઓએ તેમજ અનેક નિરીક્ષકોએ પણ ભાઈકાકાને વખોડેલા કે તેઓ તો પ્રત્યાઘાતી છે, જમણેરી છે. મારું નિવેદન એટલું જ છે કે ભાઈકાકા જો ખરેખર એવા નકામા પ્રત્યાઘાતી હોત તો એમની રાજકીય તસ્વીર મક્કમ અને ખમીરવંતી ન બની હોત. એમનો ઝોક વ્યક્તિના વિકાસ તરફ હતો. લોકશાહીમાં દરેક વ્યક્તિને વિકાસ માટે બને તેટલી મોકળાશ આપો અને એના પરના રાજકીય અંકુશો અને દબાણો શક્ય હોય તેટલાં ઓછાં કરો એવી ભાઈકાકાની હિમાયત હતી... હા, તરંગભર્યા અને કેવળ તાત્ત્વિક સમાજવાદી જડ સિદ્ધાંતોના વિરોધી તેઓ અવશ્ય હતા અને એ કારણે જ તેમની ગણના ''જમણેરી'' છાવણીમાં કરાતી હતી. પણ ભાઈકાકા પ્રગતિશીલ વિચારોના કે પરિબળોના વિરોધી નહોતા. પોતાના વિરોધીઓની વાત પણ તેઓ ઉષ્માભરી રીતે સાંભળતા. સંસદીય લોકશાહીમાં વિધાનસભામાંના વિરોધ પક્ષના નેતા તરીકે ભાઈકાકાએ જે કામ કર્યું તે પણ ઠીક ઠીક સમય સહુ યાદ કરશે. ધારાસભાના ઉંબરે પણ એમણે વાણીવર્તણૂકમાં ખંડનાત્મક અને રચનાત્મક બંને પ્રકારની દૃષ્ટિ રાખી. વિરોધ કરવો એ તો વિરોધ પક્ષનું પ્રથમ અને અંતિમ કાર્ય અને લક્ષ્ય છે જ. ભાઈકાકાએ આ કાર્ય બરાબર કર્યે રાખ્યું.. પણ જેમ બ્રિટનમાં એટલીએ કર્યું તેમ અહીં ભાઈકાકાએ પણ સરકાર સામે સતત આંધળો વિરોધ ન કર્યો... જ્યાં ભાઈકાકાને લાગ્યું કે સરકાર સાચે રસ્તે છે અને પ્રજાકીય કલ્યાણનું કાર્ય

કરી રહી છે ત્યાં એમણે કોઈપણ પ્રકારની આનાકાની કર્યા સિવાય, કશી શંકા લાવ્યા સિવાય, સામે ચાલીને સરકારને ઉત્સાહપૂર્વક ટેકો આપ્યો.

એવું જ બીજું એક અગત્યનું પાસું ભાઈકાકાએ ઉપસાવ્યું તે એ કે વિરોધ પક્ષના નેતા તરીકે એમણે કેટલાક વિકલ્પો પણ ધારાસભામાં અને પ્રજા સમક્ષ રજૂ કર્યા. ભાઈકાકાને જો એમના પક્ષમાંથી અને અન્ય રીતે વધારે ટેકો મળ્યો હોત તો વિકલ્પની સરકારને આવી વિગતો અને જોગવાઈઓ અને તેનો આખો કાર્યક્રમ તેઓ વધારે સારી રીતે આપી શક્યા હોત.

ભાઈકાકા પાસે લોકજીવનની પરખ પૂરેપૂરી હતી. પ્રજાની નાડ તેઓ જોઈ શકતા હતા, માપી શકતા હતા... પરંતુ તે સાથે જ કહેવું જોઈએ કે એક રાજકારણી તરીકે ભાઈકાકા એમના કાર્યમાં અને મિશનમાં ભરોસાપાત્ર સાથીદારો અને સક્રિય ટેકેદારોને ઠીક ઠીક પ્રમાણમાં મેળવવામાં કંઈક નિષ્ફળ નીવડ્યા હતા. પરિણામે, ગુજરાતના રાજકારણમાં એમણે જે રંગ જમાવ્યો હતો, જે આબોહવા ફેલાવી હતી તે લાંબો સમય ટકેલાં રહી શક્યાં નથી. ગુજરાતના રાજકારણમાં આજે આપણે ભાઈકાકાનો એ રાજકીય રોમાંચ જોઈ શકતા નથી. પણ તેથી જ કદાચ આજના ને આવતી કાલના ગુજરાતમાં આપણી સવિશેષ ફરજ બની રહે છે કે ભાઈકાકાનો આપણે વધારે નિકટનો પરિચય પામીએ અને એ રીતે ગુજરાતના રાજકારણને બલ્કે સમગ્ર જાહેર જીવનને નવા રંગ ને ઓપથી આકર્ષક અને ઉપકારક બનાવીએ.

(-'ભાઈકકા શતાબ્દી' ગ્રંથમાંથી સાભાર)

**॥ વિદ્યાવૃત ॥**

**ચારુતર વિદ્યામંડળના એનએસએસ વિભાગ અને સીવીએમ યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળના એનએસએસ વિભાગ અને સીવીએમ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદની ૧૫૮મી જન્મ જયંતી પર રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય કક્ષાના એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ગુજરાતી વિષય અનુસ્નાતક વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ, ગુજરાત અને ભાવનગર યુનિવર્સિટીમાં વાઈસ-ચાન્સેલર પદને શોભાવી ચૂકેલ તેમજ ગુજરાતી ભાષા-સાહિત્યના પ્રખર વિદ્વાન ડૉ.નરેશ વેદે 'ભારતીય હોવાનું મને ગૌરવ' વિષય પર મનનીય વક્તવ્ય આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું હતું કે સદીઓ સુધી વિદેશી આક્રમણો સામે ઝઝૂમીને પણ ભારતે વિશ્વમાં પોતાની આગવી ઓળખ જાળવી રાખી છે. વિશ્વમાં સૌથી વધુ યુવા વસતિ ધરાવતા રાષ્ટ્ર તરીકે આપણી સામે સૌથી મોટો પડકાર યુવાનોને કઈ રીતે શિક્ષિત-દીક્ષિત કરવા અને તેઓને પોતાની સંસ્કૃતિની વિશિષ્ટતા અને વૈવિધ્યતા પ્રત્યે સભાન કરાવીને તેમનો પરદેશગમનનો મોહભંગ કરવો તે છે. આ બાબતોમાં સ્વામી વિવેકાનંદના ક્રાંતિકારી વિચારો અને વચનો વિષે વેદ સાહેબે શ્રોતાઓને અવગત કરાવ્યા હતા. વેબિનારનું સૂત્ર સંચાલન એનવિપાસ કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ.ધનંજય ધ્રુવે સંભાળ્યું હતું જ્યારે એન.એ. એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજના પ્રાધ્યાપક ડૉ.એન.કે. બારોટે આભારવિધિ કરી હતી.

ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી એન્જિનિયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનિષભાઈ પટેલ, સેક્રેટરી શ્રી ડૉ.એસ.જી. પટેલ, માનદ્ સહમંત્રીઓ શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ, શ્રી રમેશભાઈ તલાટી તથા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વેબિનારના સફળ આયોજન બદલ સીવીએમ નોન-એકેડેમિક ફોરમના કો-ઓર્ડિનેટર અને વેબિનાર ડાયરેક્ટર ડૉ.ભાવેશભાઈ પટેલ, સીવીએમ એનએસએસ કો-ઓર્ડિનેટર અને વેબિનાર ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડૉ.પરેશ મોરધરા, સીવીએમ યુનિવર્સિટીના એનએસએસ કો-ઓર્ડિનેટર પ્રા.કાર્તિક જગતાપ તેમજ ઓર્ગેનાઈઝિંગ કમિટીના સભ્યો એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ.તેજસ ઠક્કર, ડૉ.ધનંજય ધ્રુવ તથા પ્રા.ધવલ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

 ISSN 0976 – 9609

# ઊંચાઈને આંબીએ

એસ.જી.પટેલ

તમારી સાથે સારું થાય છે કે ખરાબ, એ તમે કેવી વ્યક્તિ છો તે દર્શાવતું નથી. પરંતુ જે તે ઘટના થકી તે અનુભવ તરફ તમારું કેવું વલણ છે એ દર્શાવે છે તમે કેવી વ્યક્તિ છો. કઈ પરિસ્થિતિમાં તમે કઈ રીતે જીતો છો એ મહત્ત્વનું છે. તમારી જાતને બીજા સાથે સરખાવશો નહીં. દરેક વ્યક્તિ સારો ખેલાડી બને તેવું જરૂરી નથી. દરેક છોકરી હીરોઈન બને તે જરૂરી નથી. દરેક ધંધાદારી મુકેશ અંબાણી બને એ જરૂરી નથી. દરેક ઘરની સંભાળ લેવાવાળી તરલા દલાલ જેવું રાંધે એ જરૂરી નથી. તમારી શક્તિઓ અને યોગ્યતા અનુસાર પોતાની જાતને પારખો. વિચાર કરો કે તમો સૌથી શ્રેષ્ઠ કયું કાર્ય કરી શકો છો. તમે વિશિષ્ટ છો તે જાણો અને એ વિશિષ્ટતામાં જ મન પરોવો.

તાજેતરમાં પૂરી થયેલ ભારત-ઓસ્ટ્રેલીયા વચ્ચેની ક્રિકેટ શ્રેણીમાં ભારતીય ટીમનો ૧૯મી ડીસેમ્બરે થયેલો કરુણ રકાસ અને માત્ર એક માસમાં એ જ ભારતીય ટીમ ૧૯મી જાન્યુઆરીએ સીરીઝની વિજયપતાકા લહેરાવી વિશ્વમાં ડંકો વગાડ્યો. આ ટીમના ખેલાડીઓ જેવા બનવાનો પ્રયત્ન કરો. જો તમને તમારામાં વિશ્વાસ હોય તો તમે કંઈપણ કરી શકો છો. તમે તમારું સ્થાન બનાવવા તૈયાર છો? તમારે બદલાવ લાવવો છે? તો દરેક કામમાં હકારાત્મક વલણ અપનાવો. ડેવી ક્રોકેલે એક વાર કહેલું કે,- ''તમે સાચા હોવાની ખાત્રી કરી લો અને આગળ વધો''- આ સૂત્ર વ્યક્તિગત રીતે અપનાવવું જોઈએ. તમારા જીવનની દરેક પરિસ્થિતિઓ એકસરખી ન હોઈ શકે. તમે ફક્ત તમારું વલણ નક્કી રાખી શકો કે નકારાત્મક પરિસ્થિતિમાં તમે કેવી રીતે વર્તશો.

હતાશા તમને જીવનની લગામ ખેંચી રાખવાથી દૂર રાખે છે. દુઃખ એક સ્વભાવ છે. તમારા કાર્યોથી તમારો સ્વભાવ બદલી શકો. કોઈકવાર એવું બને છે કે અમુક વ્યક્તિઓને મળો ત્યારે તેમને જોતાં તમને ગુસ્સો આવે છે, તો તેમને માફ કરી મનમાંથી ગુસ્સો કાઢી નાખો. બીજું કંઈપણ કરો પણ ગુસ્સો ન કરો, કારણ કે તેને કારણે તમો ભાવનાત્મક રીતે ઢીલા પડી જશો. આગળ વધવા માટે તમારું મન મજબૂત હોવું ખૂબ જરૂરી છે. કોઈપણ ઘટના કે વ્યક્તિથી પ્રભાવિત થવાને બદલે ગુસ્સાને દૂર કરી તમારા મનને પણ તંદુરસ્ત બનાવો. હતાશા ગુસ્સાને કારણે આવે છે, તેથી ગુસ્સો દૂર કરવાનો પ્રયત્ન કરો.

જો તમારું જીવન વ્યસ્થિત નથી, તો તમને આગળ મુશ્કેલી પડી શકે. તમારા જીવન પર તમારો કાબૂ હોય તે જરૂરી છે. જ્યારે તમે ખરાબ લાગણીઓ અનુભવો, ત્યારે પરિસ્થિતિ સાથે સાનુકૂળ થઈને જીવવાનું શરૂ કરો. જ્યાં જ્યાં ખામી દેખાય તે સુધારો અને વ્યવસ્થિત બનો. સ્વાર્થી ન બનો. એક ખ્યાતનામ ડૉક્ટરે સલાહ આપી છે કે, ''જ્યારે તમને એકલું લાગે ત્યારે કોઈને મદદ કરો આથી તમને સારું લાગશે. એકલતા એવી ક્ષણો છે જેમાં તમો ઢીલા અને વહેમીલા થઈ જાવ છો.

જ્યારે વસ્તુ અઘરી હોય તો તમે છોડી દો છો કે તેની સામે લડી લો છો? પ્રત્યેક પ્રસિધ્ધ વ્યક્તિને કેટલો બોજ ઊઠાવવો પડે તે વિચારજો. મારે વાત કરવી છે, તે વ્યક્તિ જે સામાન્ય પરિવારમાં ઉછરેલો અને ભારત દેશનો શ્રેષ્ઠ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ. તેમણે એક વૈજ્ઞાનિક અને રાજકીય પ્રતિભા થકી વિકાસશીલ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટેનું દૂરંદેશી દૃષ્ટિ અને ધ્યેય મારફતે સ્વપ્ન આપ્યું હતું. તેમનો એક ગુણ હતો, ''કેટલા પણ ખરાબ દિવસો કેમ ન હોય, હાર ન માનવી.'' કોઈપણ તમને હરાવી ન શકે. જાપાનીઝ કહેવત પ્રમાણે, ''સાત વાર પડો પણ આઠમી વાર ઊઠો.'' જીવનમાં આવતો બદલાવ એ ધીમી ક્રિયા છે, પણ તમારે ધીરજ રાખવી પડશે. તમારાથી કાર્ય થશે જ બસ હિંમત હારશો નહીં. બહુ ઓછા લોકો મુશ્કેલીઓને તક સમજે છે આ વાત આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જીવનકાળમાં પુરવાર થાય છે.

લોકો પોતાના ધ્યેય સુધી નથી પહોંચી શકતા તેનું કારણ એ નથી કે તેમના પગલાં કમજોર છે, પરંતુ તેઓ પગલાં પર વ્યવસ્થિત ચાલતા નથી. જો આપણે જીવનમાં કોઈ ધ્યેય પસંદ કરીએ અને જો આપણે તેને સાકાર કરવાના પ્રયત્નોમાં અત્યંત દૃઢતાથી અને નિષ્ઠાથી વળગેલા રહીએ તો તેનાથી આપણું જીવન બદલાઈ જાય છે. જ્યારે આપણી પાસે કોઈ એવું ધ્યેય હોય, જેને માટે આપણે જીવન કુરબાન કરવા તૈયાર હોઈએ, ત્યારે ધ્યેયને પ્રાપ્ત કરવા માટે આપણે જીવનના બધા સંઘર્ષોનો સામનો કરી શકીએ છીએ. જીવનનું ધ્યેય એટલે આપણાં એવાં સ્વપ્નાંઓ જેમને આપણે આપણા જીવનકાળ દરમ્યાન સિધ્ધ કરવાં છે. જ્યારે આપણે નિયત સમય મર્યાદામાં કોઈ ધ્યેયને હાંસલ કરવાની ઉત્કટ ઈચ્છા ધરાવીએ છીએ ત્યારે આપણા જીવનની દરેક ક્ષણને અને દરેક કાર્યને એક

દિશા અને અર્થ મળી જતાં હોય છે.

તકનો લાભ કઈ રીતે ઊઠાવવો એ તો તમને આવડવું જોઈએ. જે રસ્તા પર ચાલો છો, તે બરાબર છે કે નહીં તે ચકાસો. તકો શોધો, આંખો ખુલ્લી અને મગજ તૈયાર રાખો. તમારા સપના પૂરા કરવાનો આ એકમાત્ર માર્ગ છે. દરેક તક પર પૂરો વિચાર કરો અને તમારું મન મક્કમ કરી લો. ઘરે અને કામની જગ્યાએ કંઈક નવું કરો જેથી લોકો તમારી તરફ આકર્ષાય, તમાર ઉપરી, સાથીઓ અને મિત્રોનો સામનો કરો. આ પ્રકારનું વલણ તમને ખુશી આપશે.

તમો બીજાની સંભાળ કઈ રીતે લો છો તે તમારો પ્રેમ બતાવે છે. ડિયન ક્રોમવેલના મત મુજબ- ''તમારી આસપાસના લોકોને આકર્ષવાનો સૌથી સરળ ઉપાય છે પ્રેમ.'' પ્રેમ એ લાગણી નથી, એ ખરેખર કર્મ છે. એ પસંદગીપૂર્વક કરેલ કર્મ છે, અત્યંત વિચાર અને વિવેકપૂર્વક કરેલ કર્મ છે. 'પ્રેમની લાગણી' ન હોય છતાં પણ કોઈ વ્યક્તિ કર્મ દ્વારા સાચો પ્રેમ કરવા પ્રતિબધ્ધ હોઈ શકે છે. ભારતીય ક્રિકેટ ટીમના કોચ રવિ શાસ્ત્રીએ ટીમના ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા. ટીમના નિયમિત કેપ્ટન ઉપરાંત ઘણા સિનિયર ખેલાડીઓ એક યા બીજા કારણસર રમતમાંથી બાકાત હતા. થોડા વરિષ્ઠ અને વધારે નવા ખેલાડીઓ સાથે ટીમનું ગઠન થયું. વિદેશની ભૂમિ પર વિજય મેળવવો અત્યંત કઠીન કામ હોવા છતાં હિંમત હાર્યા વિના તેમણે ટીમને ભેગી કરી બધાનો ઉત્સાહ વધાર્યો. પહેલાને કહ્યું કે, ''તું ખૂબ મજબૂત છે.'' બીજાને કહ્યું, ''તું મુશ્કેલીઓનો સામનો કરનાર છે.'' ત્રીજાને કહ્યું, ''આ રમતની જીત તારા હાથમાં છે કારણ કે અહિયાં એટલી બધી મુશ્કેલી નથી.'' આમ દરેકને પોતાની શક્તિઓની ઓળખ કરાવી તેણે ટીમનો ઉત્સાહ વધાર્યો અને આખરે તેઓ જીતી ગયા. જો તમો કોઈનામાં રસ લેશો, તો તેઓ પણ તમારામાં રસ લેશે.

મહાન બોક્સર જેમ્સે યુવા ખેલાડીઓને કહેલું કે, ''જ્યારે તમારા પગ એટલા ધ્રુજે કે તમે મેદાનની વચ્ચે જતાં મુશ્કેલી અનુભવો, ત્યારે એક વાર ફરી રમત રમજો. જ્યારે તમારા હાથ એટલા થાકી જાય કે ઊઠે પણ નહીં, ત્યારે ફરી એકવાર મુક્કાબાજી કરજો અને તમારા નાકમાંથી લોહી નીકળતું હોય અને તમારી આંખો કાળી પડી જાય ત્યારે પણ લડજો અને યાદ રાખજો આ લડત તમે જ જીતશો.'' તેમના કહેવા પ્રમાણે ''જે રમે છે અને હાર નથી માનતા, તેમની જીતવાની તકો વધી જાય છે.'' જીતવા માટે તમે બધી શક્તિઓ કામે લગાડી દો તો ચોક્કસ તમે જીતશો જ.

થોમસ આલ્વા એડિસન જેમણે લાઈટ બલ્બની શોધ કરેલી ત્યારે તેમણે ક્યારેય કામ કરવાનું બંધ ન કર્યું. જે તેમણે હાથમાં લીધું હોય તેમનું ધ્યાન માત્ર તે જ કામ પર રહેતું. તેમનામાં બહુ જ દૃઢતા હતી. ૧૦,૦૦૦થી વધુ પ્રયોગો પછી તેમણે બલ્બ બનાવ્યો. ટૂંકમાં, તેઓ જ્યાં સુધી ધ્યેય પૂર્ણ ન થાય ત્યાં સુધી કામ છોડતા નહીં.

આમ, તમારું હકારાત્મક વલણ, યોગ્ય પસંદગી, સાહસ ખેડવાની તમન્ના, ધ્યેય પ્રત્યેનું પુરતું ધ્યાન, કાર્ય કરવાની પદ્ધતિ, પ્રેમાળ સ્વભાવ અને દૃઢ મનોબળ જ જીવનનાં ઉચ્ચતમ શિખરો સર કરવા માટેની અસરકારક શક્તિના સ્ત્રોત છે.

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

॥ વિદ્યાવૃત ॥

**સીવીએમયુની આઈસ્ટાર કોલેજના વિદ્યાર્થીઓને એશિયન પેઈન્ટ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિષ્યવૃત્તિ**

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજના સરફેસ કોટિંગ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી સાત વિદ્યાર્થીઓને એશિયન પેઈન્ટ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિષ્યવૃત્તિ પેટે રૂા.૫૧,૮૦૦/- પ્રતિ વિદ્યાર્થીને આર્થિક સહાય પેટે મળ્યા હતા. આ શિષ્યવૃત્તિ ચારુતર વિદ્યામંડળના ચેરમેન ઈજનેર શ્રી ભીખુભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ શ્રી મનીષભાઈ પટેલના વરદ હસ્તે એનાયત કરવામાં આવી હતી. ઉપરોક્ત સિદ્ધિ બદલ આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડૉ.નિર્મલ કુમાર અને સરફેસ કોટિંગ ટેકનોલોજી વિભાગના વડા ડૉ.કલ્પેશ પટેલે વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી તેમજ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.



ISSN 0976 – 9609

## જાવું છે નિરવાણી

**રતનદાસ**

જાવું છે નિરવાણી આત્માની કરી લે ઓળખાણી
રામ ચેતનહારા ચેતીને ચાલે તમે જાવું છે નિરવાણી રે લોલ

માટી ભેગી માટી થાશે, પાણી ભેગું પાણી રે
કાચી કાયા તારી કામ નહીં આવે, થાશે ધૂળ ને ધાણી રે
હે જાવું છે નિરવાણી આત્માની......

રાજા જાશે પ્રજા જાશે, જાશે રૂપાદે રાણી રે
ઈંદ્રનું ઈંદ્રાસન જાશે, જાશે બ્રહ્માબ્રહ્માણી રે
હે જાવું છે નિરવાણી આત્માની.....

સોનાવરણી કાયા તારી પીતલવરણી પાની રે
મૂવા પછી સળગાવી દેશે, તને ઊડી જાશે વાની રે
હે જાવું છે નિરવાણી આત્માની......

લંકા જેવું રાજ્ય જેને ઘેર મંદોદરી રાણી રે
ચાંદો સૂરજ જેની ચોકી ભરે તેને ભોમકા ભેરાણી રે
હે જાવું છે નિરવાણી આત્માની......

અવિચળ રાજ્ય ધ્રુવને આપ્યું દાસ પોતાનો જાણીને
ગુરુ પ્રતાપે બોલ્યા રતનદાસ અમર રેજો એની વાણી રે
હે જાવું છે નિરવાણી આત્માની. ......

## તોય જાણ્યા નહિ જગદીશને રે

**દેવાનંદ**

તારા માથે નગારાં વાગે મોતનાં રે,
નથી એક ઘડીનો નિરધાર,
તોય જાણ્યા નહિ જગદીશને રે.

મોટા મેલીને રાજ મરી ગયા રે,
જોને જાતાં ન લાગી વાર - તોય જાણ્યા નહિ જગદીશને રે.

તારું જોબન ગયું જખ મારતું રે,
માથે કાળા મટી ગયા કેશ,
અંત કાળે લેવાને જમ આવિયા રે,
તેનો ભાળી ભયંકર વેશ - તોય જાણ્યા નહિ જગદીશને રે.

રોમ કોટિ વીંછી તણી વેદના રે,
દુઃખ પામ્યો તું દેવના ચોર,
સગાં સ્વાર્થી મળ્યાં સહુ લૂંટવા રે,
જરા રહ્યું ન અંગમાં જોર - તોય જાણ્યા નહિ જગદીશને રે.

જીભ ટૂંકી પડી ને તૂટી નાડિયું રે,
નવ શોધ્યો જનમનો સાર,
'દેવાનંદ'ને વા'લાને નવ જાણિયા રે,
તેનો એળે ગયો અવતાર - તોય જાણ્યા નહિ જગદીશને રે.

તારા માથે નગારાં વાગે મોતનાં રે,
નથી એક ઘડીનો નિરધાર,
તોય જાણ્યા નહિ જગદીશને રે.

## શબરી ઘેર રામ

**તુલસીદાસ**

શબરી ઘેર રામ પધાર્યા, શું કરું મે'માની,
સાત ભુવનના નાથ પધાર્યા, ઝૂંપડી મારી નાની....શબરી

એક ખૂણે ધૂળનો ઢગલો બીજે ખૂણે વાની,
પાનના તો પડિયા વાળિયા પ્રેમના ભરિયા પાણી.....શબરી

નાહી ધોઈ બાજોઠ બેસાડ્યા, તિલક કીધા તાણી,
ચરણ ધોઈ શરણ લીધા, શરણમાં લપસાણી...શબરી

ત્યાં તો ઓલા બોર સાંભરિયા, કરંડિયો લીધો તાણી,
જુગના જીવન જમવા બેઠા, મનમાં હરખાણી...શબરી

મીઠા મેવા ને ભાવનાં ભોજન, પ્રેમની પાનદાની...શબરી
તુલસીદાસની વિનંતી રાય ઉર લેજો તાણી,
દાસ ઉપર દયા ન કરી ચરણ લીધા તાણી....શબરી

## ભાઈ મારો સાથીડો રીસાણો

**સંત કબીર**

ભાઈ મારો સાથીડો રીસાણો તેને કોણ મનાવા જાય....(ટેક)

કાચી માટીના ઘડયા ઘડૂલા ઘાટ એ ફૂટી જાય,
પરદેશીની પ્રીતડી તે, પળમાં તૂટી જાય....ભાઈ મારો૦

પિંજરમાંથી પોપટ હાલ્યો, પિંજર ઝોલાં ખાય,
સરખી મળી સાહેલીઓ, કાંઈ અવળા મંગળ ગાય....ભાઈ મારો૦

પાંચ તત્ત્વનો પિયુ હમારો, તે છોડ્યો કેમ જાય?
જ્ઞાન ગરીબી રાખું હૃદયમાં, થનાર વસ્તુ થાય....ભાઈ મારો૦

સદ્‌ગુરુનું સ્મરણ કરતાં, હૃદય કમલ ખૂલી જાય,
કહત 'કબીર' સૂનો ભાઈ સાધુ વૈકુંઠવાસી થાય....ભાઈ મારો૦

## સજાવીશ સમણાં

**કેશુભાઈ દેસાઈ**

(સૉનેટ/શિખરિણી)

ખર્યા પાકાં પર્ણો સમ સમવયસ્કોય સઘળા,
રહ્યો એકાકી હું નિજ સમયની ઓળખ સમો.

વીતી એ વેળા ને વહી ગઈ અનેરી મુખકળા–
હતી ઘેલી જેની નગરભરની કૈંક અબળા!

અરે શું આ છું હું-દરપણ બને કેમ ક્રૂર તું!
મુખેથી ઓચિંતું ઊડી જઈ શકે આમ નૂર શું?

ચહેરો ગંધારો નહિ નહિ ગમે રે નીરખવો;
કિયા દાંતે કૂહે ને અતીત નિજ જાતે ભરખવો?

અરે ગાંડા, કાં તું રડમસ થઈ હાથ ઘસતો?
તને મેં જોયો છે વિકટ વખતે મસ્ત હસતો.

ઝીણા ધીમા તાપે તપી તુજ થઈ કાય નરવી
હવેલી ધીરે આ જીરણ ગળશે; કાંચળી નવી–
વણી રાખી છે મેં જતન કરીને ખૂબ હમણાં
પહેરાવી પાછાં નવતર સજાવીશ સમણાં....

૧૩-ઐશ્વર્ય-૧, પ્લૉટઃ ૧૩૨ સેક્ટરઃ ૧૯,
ગાંધીનગર-૩૮૨૦૨૧ (મો) ૯૮૭૯૫૪૩૧૩૨

## કાગળ છે!

**સુધીર પટેલ** (મુસલસલ ગઝલ)

માનો તો એક સફેદ છળ કાગળ છે,
ઉકેલો તો કોઈ કળ કાગળ છે!

લોકો એને વાંચ્યા કરશે વરસો,
એ સમજી જીવો, હર પળ કાગળ છે!

એથી ધરતી એને તાકે છે આમ,
આભેથી ઝરતું વાદળ કાગળ છે!

વાર હૃદયને વહેતું કરવાની છે,
મારી ને તારી આગળ કાગળ છે!

સૌના ટચ સ્ક્રીન ઉપર છુપાયો છે,
ખોલો એને 'ઈ' ઝળહળ કાગળ છે!

ચબરખી કહીને નવ કરજો અપમાન,
પ્રેમ ભર્યો કોઈ કાગળ, કાગળ છે!

જેણે વાંચ્યો એને કાજ સત્ય એ,
અન્ય કાજ મીઠી અટકળ કાગળ છે!

એણે કોરા રહી કરી છે જારી,
મૌન રહેવાની ચળવળ, કાગળ છે!

શબ્દોના શ્રીગણેશ કરજો 'સુધીર',
ઝીલણ ઝીલવા જ વિહ્વળ કાગળ છે!

2624 Jameson Dr. NW, CONCORD,
NC 28027. USA.
Email: sudhirl2@gmail.com

## ગઝલ

**ગજાનન પટેલ**

રાગ જામ્યા બાદ અંતરધ્યાનમાં,
સૌ ભળી જાશે પછી તો તાનમાં!

જળ મળે, પોષણ મળે, સઘળું મળે,
સૃષ્ટિ ખીલી છે હવે અરમાનમાં.

પાંદડાં ને ફૂલથી વૈભવ વધે–
આખરે તો ક્યાં હશે એ ભાનમાં?

વ્હાણ સાથે તો કિનારા શાંત છે,
ઓટ આવી જાય છે તોફાનમાં.

દરવખત દૃશ્યો બધાં મનમાં વસે,
આંખ સૂની થઈ જશે અપમાનમાં!

ગાયત્રીનગર સો., કોલેજ રોડ, ખૂંધ,
તા ચીખલી, જિ.નવસારી

## એવી પ્યાસ લઈને

**રાકેશ હાંસલિયા**

કોઈ ક્યાં આવે છે એવી પ્યાસ લઈને
ખુદ સમંદર દોડી આવે ગ્લાસ લઈને.

નામ પરદાદાનુંયે જાણે છે ક્યાં એ,
ને ફરે છે હાથમાં 'ઇતિહાસ' લઈને.

આમ તો બીજું કશું આપી શક્યો નહિ,
પણ ગયા ત્યાંથી બધાં મીઠાશ લઈને.

એના ખાલી હાથને તું શું જુએ છે ?
કોઈ આવી પણ શકે સુવાસ લઈને.

એમને નાનો ગણીને તક ના આપી,
એ નકર આવ્યો હતો અજવાસ લઈને.

કોના પર 'રાકેશ' તું વિશ્વાસ મૂકીશ ?
કોઈ પણ આવે છે હવે પોટાશ લઈને.

''સૌમ્ય'' સિલ્વર-ગોલ્ડ રેસીડૅન્સી-૬, બ્લોક નં. ૨૫, ગોલ રેસીડૅન્સીની પાછળ, નાનામવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪. મો. : ૯૮૨૪૮૮૫૪૧૬
E-mail : rakesh.hansaliyagmail.com


ISSN 0976 – 9609

# પાઠ પાકો નથી થયો

**મનુભાઈ પંચોળી**

શાળાનો પહેલો દિવસ હતો. આચાર્ય નવા હતા, વિદ્યાર્થીઓ પણ નવા હતા. આચાર્યે લખાવ્યું : ''સત્યં વદામિ'' અને કહ્યું, ''બોલો : હું સત્ય બોલું છું.'' બધા વાંચવા માંડ્યા : ''હું સત્ય બોલું છું : સત્યં વદામિ.''

આચાર્યે કહ્યું : ''કાલે પાઠ પાકો કરી લાવજો.''

આચાર્ય હતા દ્રોણ : વિદ્યાર્થીઓ હતા કૌરવ-પાંડવો. બીજા દિવસે દ્રોણાચાર્યે પૂછ્યું, ''પાઠ કરી લાવ્યા છો?''

બધા કહે, ''હા.''

આચાર્યે લખ્યું : ''સત્યં વદામિ'' અને કહ્યું, ''વાંચો જોઈએ.'' બધા એક પછી એક વાંચવા લાગ્યા : ''સત્યં વદામિ... હું સત્ય બોલું છું.'' અર્જુને વાંચ્યું, દુશાસને વાંચ્યું, વર્ગમાં ધ્યાન ન આપનાર ભીમ પણ કડકડાટ વાંચી ગયો! યુધિષ્ઠિરનો વારો આવ્યો. યુધિષ્ઠિરે હાથ જોડીને ગુરુને પ્રણામ કરી કહ્યું :

''ગુરુજી, મને હજુ પાઠ નથી આવડ્યો.''

દ્રોણાચાર્યે કહ્યું, ''ભલે, કાલે પાકો કરી લાવજો.''

બીજા દિવસે પૂછ્યું, ''કેમ, પાઠ પાકો કરી લાવ્યા છો ને?''

વળી યુધિષ્ઠિરે કહ્યું, ''હજુ પાકો થયો નથી.''

આચાર્યે વળી એક દિવસ વધારે આપ્યો. પણ યુધિષ્ઠિર તે દિવસે પણ પાકો ન કરી શક્યા. ચાર-પાંચ દિવસ ગયા, એટલે દ્રોણાચાર્યે એક દિવસ કહ્યું, ''આમાં તે શું પાકું કરવાનું હતું કે હજુ પાઠ નથી આવડ્યો? આ જડબુદ્ધિ દુશાસન પણ હમણાં વાંચી ગયો કે સત્યં વદામિ,' ને તને હજુ ન આવડ્યું ? કાલે પાકો કરી જ લાવજે!''

વર્ગમાં બધાને થયું કે યુધિષ્ઠિરને આટલુંય ન આવડે તો તે ઠપકાને લાયક જ હતા.

બીજે દિવસે દ્રોણાચાર્યે ફરી પૂછ્યું ત્યારે પણ યુધિષ્ઠિરનો જવાબ તો એ જ હતો : ''હજુ પાઠ પાકો નથી થયો.''

''સાવ પોઠિયા જેવો લાગે છે! આમાં તે શું આવડવાનું હતું!'' દ્રોણાચાર્યે સહેજ ખિજાઈને કહ્યું; વર્ગ હસી પડ્યો.

યુધિષ્ઠિર અચકાતાં અચકાતાં બોલ્યા : ''ગુરુજી, આપ પાઠ પાકો કરી લાવવાનું કહો છો, ને હુંય ઘણી કોશિશ કરું છું. પણ હજુયે મારાથી કોઈ વાર ખોટું બોલાઈ જાય છે, ત્યાં સુધી કેમ કરીને કહું કે 'હું સત્ય બોલું છું' એ પાઠ પાકો થઈ ગયો છે ?''

– 'અરધી સદીની વાંચનયાત્રા'માંથી સાભાર

।। વિદ્યાવૃત ।।

## CVM યુનિવર્સિટીની MBIT કોલેજ દ્વારા છ-દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરાયું

CVM યુનિવર્સિટીની MBIT કોલેજના કમ્પ્યૂટર એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા ગુજકોસ્ટ દ્વારા પ્રાયોજિત છ-દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ ''બ્લોકચેઇન એન્ડ ઇટ્સ એપ્લિકેશન''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં ૧૫૦થી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં તજજ્ઞોએ બ્લોકચેઇન વિષય પર ઊંડાણપૂર્વક રજૂઆત કરી હતી. આ પ્રોગ્રામમાં ડૉ.હિરેન પટેલ, શ્રી નિખિલ શાહ, ડૉ.બેલા શ્રીમાળી, ડૉ.પદ્મમ જોશી, શ્રીમાન રાજ પ્રજાપતિ, ડૉ.અવિનાશ શર્મા, પ્રો.માર્ટિન પરમાર તેમજ ડૉ.મુકેશ મોહનીયાએ તજજ્ઞ તરીકે સેવા આપી હતી. સંસ્થાના આચાર્યા પ્રો.ડૉ.અર્ચના નાનોટીએ બ્લોકચેઇનનું ડિજિટલ યુગમાં માહાત્મ્ય સમજાવ્યું હતું. CVMUના પ્રેસિડેન્ટ ઇ.શ્રી ભીખુભાઇ પટેલ તેમજ અન્ય હોદ્દેદારોએ આ વર્કશોપના સફળ આયોજન બદલ આશીર્વચન પાઠવ્યા હતા.

॥ અનુવાદ ॥

## તાજમહાલ - બંગાળી વાર્તા

**બનફૂલ (અનુવાદ : રમેશ એમ. ત્રિવેદી)**

પહેલી વખત, ફક્ત તાજમહાલ જોવા માટે જ મેં આગ્રાની મુલાકાત લીધી હતી. પહેલી નજરનું એ કુતૂહલ આજેય મારા ચિત્તમાં સચવાયેલું છે! તે વખતે ટ્રેન આગ્રા સ્ટેશને પહોંચી નહોતી, એટલામાં તો એક મુસાફરે 'પેલો તાજમહાલ દેખાય!' એમ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. મેં પણ બારીમાંથી મારું ડોકું બહાર કાઢ્યું હતું!

એ તાજમહાલ હતો!

દિવસના પ્રકાશમાં, દૂરથી જોતાં પહેલાં તો હું ઘણો નિરાશ થઈ ગયો. 'આ તાજમહાલ છે!' ચૂનાથી ધોળેલી કોઈ સાધારણ મસ્જિદ જેવો!?... છતાં મેં મારી દૃષ્ટિ દૃઢતાપૂર્વક તેના તરફ ઠેરવી રાખી હતી. એ તાજમહેલ છે... શાહજહાંનો તાજમહેલ. ઢળતી સાંજે આગ્રાના કિલ્લાના ઝરૂખામાં બેસી, કેદી શાહજહાં આ તાજમહાલને અચૂકપણે જોયા કરતો. મુમતાઝની પ્રબળ ઝંખનાનો એ તાજમહાલ છે... આલમગીર નિષ્ઠુર નહોતો. તેણે તેના પિતાની ઇચ્છા અધૂરી રાખી નહોતી...

...શોક સરઘસ દબદબા સાથે આગળ વધી રહ્યું છે. શું રાજા તેની પ્રિયતમાને મળવા જઈ રહ્યો હતો? લાંબા સમય સુધી તે વિયોગ સહન કરી શકશે નહિ... જનાજો ધીરેધીરે ધરતીના પેટાળવાળા ભાગમાં ઊતરી રહ્યો છે... એ તાજમહાલમાં મુમતાઝની બાજુમાં જ પોતાની અંતિમ શય્યા બનાવડાવી છે! અને ત્યાં એક વધુ દફન પણ હતું... કદાચ એ હજી પણ ત્યાં છે.. એ કબરની નજીકમાં દારાશિકોહની..

જે તાજમહાલ સામાન્ય ચૂનાથી ધોળેલી મસ્જિદ જેવો લાગતો હતો તે, હવે થોડી જ વારમાં, દૂર દૂર અદશ્ય થઈ જાય છે...

૦-૦-૦

પૂનમ પછીનો દિવસ હતો. હજુ ચંદ્રમા ઊંચે આવ્યો નહોતો. પૂર્વ ક્ષિતિજ પર પ્રકાશની સુરખી નજરે પડી. એ દિવસે સમી સાંજે, હું બીજી વખત તાજમહાલ જોવા ગયો હતો. આજે પણ એ અનુભવ સ્મૃતિમાં બરોબર સચવાઈ રહેલો છે.

દરવાજો વટાવીને જેવો હું અંદર દાખલ થયો, કે મારા કાન પર અસ્પષ્ટ એક મંદ ધ્વનિ સંભળાયો. એ કર્ણમધુર ધ્વનિ લીલાંછમ વૃક્ષોની હારમાં થઈને આવતો નહોતો - જાણે કે એ ખૂબ દૂરના અતીતમાંથી આવતો હતો. એ મંદ ધ્વનિ નહોતો! હકીકતમાં તો એ કોઈ દબાયેલું ડૂસકું હતું! શું આ તાજમહાલ આછા પ્રકાશિત અંધકારમાં, ગડી કરીને મૂકી રાખેલી ગમગીનીરૂપ હતો?...

ધીરેધીરે હું આગળ વધતો હતો.. મિનાર, નાના મિનાર, ઘુમ્મટ... ધીમે ધીમે બધું વધુ ને વધુ સ્પષ્ટ થવા લાગ્યું. અંધકાર ભેદાતાં જ પ્રકાશ દૃષ્ટિગોચર થયો. ત્યારબાદ અચાનક, મારા આશ્ચર્યસભર ચિત્તપટ પર આખીયે ઈમારત ઝબકી ઊઠી! ચંદ્રમા ઊગ્યો હતો. મનોરંજક ચંદ્રપ્રકાશના સાદા પરિધાનમાં, શાહજહાંની મુખ્ય સામ્રાજ્ઞી મુમતાઝનું સ્વપ્ન જાણે મને ભેટી પડતું લાગ્યું! સ્વપ્નથી મોહિત થઈ ગયેલો હું મૂંગો મૂંગો એને તાકી જ રહ્યો!.. તાકી જ રહ્યો!..

આ વાતને ઘણો સમય વીતી ગયો છે. કયો કારીગર કમાયો અને કેટલું કમાયો હશે આ તાજમહાલમાંથી?.. કયો ચોક્કસ હોટલવાળો આ તાજમહાલને કારણે તાલેવંત બની ગયો હશે?.. મૂળ પથ્થર અને સિગારની પાઈપમાંથી બનાવેલા 'તાજમહેલ'ની લઘુકૃતિઓ વેચીને કયા ફેરિયાઓએ 'ધનના ઢગલા' કર્યા હશે? અને ઘોડાગાડીવાળાઓએ પણ વધારે પડતું ભાડું લઈને ઉતારુઓને છેતર્યા... આ બધી વાતો હવે ભૂતકાળની થઈ ગઈ છે!

એ પછીથી તો મેં તાજમહાલને ઘણી વખત જોયો છે - અંધકારમાં, ચંદ્રપ્રકાશમાં, સાંજે, સવારે, વરસાદમાં, તડકામાં, શિયાળામાં, પાનખરમાં - વિવિધ સ્વરૂપે... ઘણી બધી વખત જોવાને કારણે હવે તાજ મને એટલો બધો 'આકર્ષતો' નથી! વળી, એ રસ્તેથી હું પસાર થતો હોઉં છું, ત્યારે એ બાજુ નજર પણ કરતો નથી!... હવે તાજમહાલ પાસેથી આવવા જવામાં હું 'ટેવાઈ' ગયો છું... પણ એક વખત... એ વિશે તમે જાતે જ, નવેસરથી સાંભળો, એ વધુ સારું!

૦-૦-૦

તે દિવસે, બહારની મારી વિઝિટો પૂરી કર્યા પછી, ઈસ્પિતાલની લૉબીમાંથી હું આગળ વધી રહ્યો હતો ત્યારે, એક વૃદ્ધ મુસ્લિમે દરવાજામાં પ્રવેશ કર્યો. તેના ખભાઓની આસપાસ એક મોટો ટોપલો, તાણીને બાંધેલો હતો. તેની પીઠ ટોપલાના ભારથી વળી ગઈ હતી! હું સમજ્યો કે, ફળ

 ISSN 0976 – 9609

વેચનારો કોઈક હશે!... એણે ટોપલો નીચે ઉતાર્યો. મને ફળ જોવા ન મળ્યાં, પણ બુરખો પહેરેલી એક સ્ત્રીને એમાં બેઠેલી જોઈ. ખુલ્લો કુર્તો અને સફેદ દાઢીમાં એ ડોસો લગભગ, કોઈક બંગાળી 'બાઉલ' ભજનિક જેવો દેખાતો હતો! એની વધુ નજીક જતાં, એણે મને મુસ્લિમ રિવાજ પ્રમાણે 'આદાબ!' કરી. શુદ્ધ ઉર્દૂ જબાનમાં એ બોલ્યો કે એની બેગમને સારવાર માટે, મારી પાસે, પીઠ પર ઊંચકીને લાવ્યો છે!

તે ઘણો ગરીબ હતો. પોતાને ઘેર ડૉક્ટરને વિઝિટે બોલાવી, નાણાં ચૂકવી શકે એવી એની આર્થિક સ્થિતિ ન હતી. અને હું દયા દાખવીને... તેની નજીક ગયો ત્યારે મને અત્યંત ઘૃણાજનક ગંધનો અનુભવ થયો. ઈસ્પિતાલમાં લઈ જતી વખતે... જેવો તેનો બુરખો (એના ભારે વિરોધ વચ્ચે) મેં હઠાવ્યો, ત્યારે મને સમજાયું કે, મુખમાંના કોહવાણને કારણે આવેલા સોજાવાળો એ 'દરદી' છે! એનો અડધોઅડધ ચહેરો સડી ગયો હતો. જમણી બાજુનો ગાલ લગભગ ખલાસ થઈ ગયો હતો. તેના દાંત ખરાબ રીતે બહાર આવી રહ્યા હતા. ગંદી વાસને કારણે, તેની નજીક કોઈ ઊભું રહી શકતું નહોતું...

સારવાર માટે પોતાની પીઠ પર આટલે દૂરથી દરદીને ઊંચકી લાવવો શક્ય નહોતું! વળી 'અંદરના દરદી' તરીકે એને રાખવા માટે કોઈ રૂમ ખાલી નહોતો! બીજો કોઈ ઉપાય ન હોવાને કારણે મેં એને એક સાંકડી જગ્યામાં જ પડી રહેવાનું કહ્યું! પરંતુ લાંબા સમય સુધી તેને ત્યાં રાખી શકાય તેમ નહોતું... માથું ફાડી નાખે એવી દુર્ગંધ... ઈસ્પિતાલના અન્ય દર્દીઓએ પણ વિરોધ કરવાનું શરૂ કરી દીધું.

કમ્પાઉન્ડરો, ડ્રેસિંગ કરનારા, સફાઈ કામદારો પણ એની નજીક જવા 'ના' પાડતા હતા. અલબત્ત, એ વૃદ્ધ ડોસો તો 'ચિંતામુક્ત' જ હતો! રાતદિવસ તે, એની બેગમની ચાકરી કરવામાં રોકાયેલો જ રહેતો. બધાંની નારાજગી ધ્યાનમાં લઈ તેને એ સાંકડી જગામાંથી ખસેડી લઈને, હોસ્પિટલની નજીક આવેલા એક મોટા વૃક્ષ નીચે રાખવી, એમ મેં જણાવ્યું.. હવે એ ત્યાં રહેતી હતી! ડોસો દરરોજ ઈસ્પિતાલમાં આવીને તેને માટે દવાઓ લઈ જતો. ઘણી વખત મારે પોતાને પણ, ત્યાં સ્થળ પર જઈને, દવાઓ સાથે દર્દીને ઈંજેક્શન આપવા જવાનું થતું!

એક વાર મૂશળધાર વરસાદ પડ્યો. હું મારી બહારની વિઝિટ પરથી પાછો ફરી રહ્યો હતો. એકાએક એ ડોસા ઉપર મારી નજર પડી. તે લથબથ પલળી ગયો હતો. ઝાડની એક ડાળીએ લુગડાના કકડાના બે છેડા બાંધેલા હતા અને બીજા બે છેડા પકડીને તે ઊભો હતો! મેં એ તરફ મારી ગાડી વાળી. એની બેગમ પણ પૂરેપૂરી પલળી ગઈ હતી અને સખત ધ્રૂજતી હતી. તેના ચહેરા પર બિહામણું, વેદનાસભર સ્મિત જોવા મળ્યું!

એને સખત તાવ ધીકતો હતો. થોડાક સમય પૂરતું, મેં એને ઈસ્પિતાલની અગાસીમાં ખસેડવા જણાવ્યું. ડોસાએ એકાએક મને પૂછી નાખ્યું : 'સાહેબ, શું એની બચી જવાની કોઈ શક્યતા છે? મારે સત્ય કહેવું પડ્યું : 'ના...' ડોસો મૂંગો મૂંગો ઊભો રહ્યો હતો અને હું ત્યાંથી ખસી ગયો. બીજા દિવસે એ ઝાડ નીચે મેં કોઈને જોયાં નહોતા. થોડાક દિવસો પછી એકવાર હું વિઝિટેથી પાછો ફરી રહ્યો હતો ત્યારે એક ખેતર પાસે એને મળવાનું થયું. ત્યાં એ ડોસો બેસીને 'કશુંક' કરી રહ્યો હતો. બપોરનો આકરો સૂરજ તપતો હતો. થોડાક ડગલાં હું આગળ વધ્યો... થોડોક કાદવ તેમજ થોડીક તૂટેલી ઈંટો વડે તે કશુંક 'બાંધકામ' કરી રહ્યો હતો!

મેં પૂછ્યું : 'શું કરો છો તમે, ત્યાં?'

ડોસો ઊભો થયો અને માનભેર ઝૂકીને સલામ કરી. 'સાહેબ, મારી બેગમ માટે એક સ્મારક બનાવી રહ્યો છું.'

'સ્મારક..!?'

'હા, સા'બ!'

એક ક્ષણ હું મૌન ઊભો રહ્યો. એ બેચેનીભરી થોડીક ક્ષણોની શાંતિ પછી, મેં તેને પૂછ્યું :

'તું ક્યાં રહે છે?'

'હું તો ગરીબ ઈન્સાન છું, હજુર! આગ્રાની ભાગોળે ભીખ માગી ખાઉં છું...'

'...પરંતુ, મેં તો તને અહીં, આ પહેલાં કદી જોયો નથી... તારું નામ શું છે?'

'નાચીજ શાહજહાં..!'...

હું તો દિઙ્મૂઢ થઈને ઊભો જ રહી ગયો...!

o-o-o

॥ લઘુકથા ॥

## પાપ કે પુણ્ય?

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

ગામડે હતો ત્યારે બાપા ઉત્તરાયણના દિવસે ગામના પાદરમાં ગાયોને જુવારના પૂળા ખવડાવતા – બ્રાહ્મણ બટુકોને તલના લાડુ વ્હેંચતા.. દાન-પુણ્ય કરતા એ યાદ છે. શહેરમાં આવ્યા પછી મંદિરમાં જઈ દાન કરવાની આદત કેળવવી પડી છે પણ બંનેમાં ફરક દેખાયો છે.

શહેરમાં એક ઉત્તરાણની સવારે કાગળ વીણતાં, બોટલો ભેગી કરતાં એક માજીને જોઈ મને પણ થયું કે લાવ ઉત્તરાણ છે – તેમને કંઈક આપું – ગજવામાંથી દસની નોટ કાઢી.. માજીને બૂમ મારી તેમને બોલાવ્યાં... મેં તેમની સામે દસની નોટ ધરી. મને કહે : 'ભૈ, મંદિરમાં મેલજો, હજુ ભગવાને હાથપગ આલ્યા સે.. હાલે છે ત્યાં લગી હાથ લાંબો ના કરાય... મારે નથી લેવા હું કંઈ માગણ નથી.. હોં..' મેં ધીમેથી એ નોટ ગજવે ઘાલી ચાલવા માંડ્યું.. પાછા ફરતાં ફરતાં મને સતત થતું હતું કે મેં પાપ કર્યું કે પુણ્ય?

પ્લોટ નં.૮૩૬, ગ્રેસ બંગલો, મનિષ કોર્નરની પાછળ,
વલ્લભ વિદ્યાનગર. મો.૯૮૭૯૫ ૨૩૨૭૬

॥ લઘુકથા-૧ ॥

## સાચી ગુરુદક્ષિણા

**રસેશ રાવલ**

પ્રખ્યાત ન્યુરોસર્જનને મળવાનું થયું. મેં મારી ફાઇલ એમની સમક્ષ મૂકી. ફાઈલના પેજ ફેરવતાં તે એકાએક મારી સામે તાકી રહ્યો. સાહેબ, તમે ક્યાંથી આવો છો? મેં મારા નામ-ઠામ અને ભૂતકાળ એની સમક્ષ વર્ણવ્યો. 'ઓપરેશન કરવું પડશે' એમ બોલતાં જ એનો સાદ કેમ ગળગળો થયો તે હું સમજી શક્યો નહીં. ઓપરેશન માટે તારીખ અને સમય નક્કી થયાં.

તારીખ આવી પહોંચી. ઓપરેશન સફળ નીવડ્યું. મેં આંખો ખોલી ત્યારે તે એની પત્ની સાથે હાજર હતો. તેણે કહ્યું : ''સાહેબ, મને ઓળખ્યો! હું એ જ જેને તમે તમારી સાયકલ પાછળ બેસાડી શાળાએ લઈ આવતા.'' એની લાગણીસભર આંખોમાં મારા પ્રત્યેનો પ્રેમ મેં સ્પષ્ટ અનુભવ્યો.

સાત દિવસ પછી હું ડિસ્ચાર્જ થયો. જતાં પહેલાં મેં એની ચેમ્બરમાં ડોકિયું કર્યું પણ તે નહોતો. બિલની રકમ ભરપાઈ કરવા જ્યારે હું કાઉન્ટર પર ગયો ત્યારે પ્રત્યુત્તર રૂપે ગુલદસ્તો આપતાં કર્મચારીએ કોઈ રકમ લેવાની થતી નથી એમ કહ્યું. થોડું વિચારીને મેં એક ચેક લખીને કવરમાં નાખ્યો અને કાઉન્ટર પર આપ્યો. સાથે પત્ર પણ જોડ્યો જેમાં લખ્યું હતું કે પ્રિય યશ, તારા દ્વારા યશોજ્જ્વલ કાર્યો થતાં રહે એ જ મારી સાચી ગુરુદક્ષિણા.

બાડા કચ્છ

॥ વિદ્યાવૃત ॥

### CVM યુનિવર્સિટીની MBIT કોલેજના NSS યુનિટ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

CVM યુનિવર્સિટીની MBIT કોલેજના NSS યુનિટ દ્વારા વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણનું આયોજન હવા પ્રદૂષણ અટકાવવાના ભાગરૂપે કરવામાં આવ્યું હતું જેમાં ૪૦ જેટલા અધ્યાપકો અને કોવિડ'૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ફક્ત આણંદમાં રહેતા છ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. પર્યાવરણની સાચવણીના ભાગરૂપે અધ્યાપકોને વિવિધ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના આચાર્યા પ્રો.ડૉ.અર્ચના નાનોટી મેડમના માર્ગદર્શન મુજબ કરવામાં આવ્યું હતું. આવા ઉમદા કાર્યક્રમના સફળ આયોજન બદલ CVMUના પ્રેસિડેન્ટ ઇ.શ્રી ભીખુભાઈ પટેલ તેમજ અન્ય હોદ્દેદારોએ MBITની NSS ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

 ISSN 0976 – 9609

॥ ટૂંકીવાર્તા ॥

## પાલવ

અંકિતા પનારા 'અતિશ'

''ત્વરા, ઓ ત્વરા! આ પડોશમાં શું ચાલી રહ્યું છે? ''

ઑફિસથી ઘરમાં પગ મૂકતાંની સાથે જ દ્વિજે ત્વરાને પૂછ્યું. ત્વરા રસોડામાંથી હાથ લૂછતી બહાર આવી.

''આવી ગયાં તમે? તમે લાઇટ બિલ ભર્યું?''

''એ બધું છોડને, તું મને એમ કહે કે આ બાજુમાં ઝઘડો શાનો છે?''

''બાજુમાં? શું કહું તમને? નિત્યા અને તેમની સાસુના રોજના ઝઘડા, તેમને પૈસાદાર વહુ લાવવી હતી, પણ સાકેતભાઈએ આપણી જેમ લવ મેરેજ કર્યા છે તે તેમની મમ્મીને નિત્યાબહેન નથી ગમતાં. એટલે બિચારા માટે તો આ રોજનું છે. પણ, દ્વિજ, આજે તો કંઇક વધારે જ થયું હોય તેવું લાગે છે. સવારે તમે ઑફિસે ગયા ત્યારનું વાતાવરણ આવું જ છે. પહેલાં તો સાકેતભાઇ પણ નિત્યાબહેનનો સાથ આપતાં હતાં પણ હવે તો સાકેતભાઇ પણ તેમના મમ્મી-પપ્પાનો સાથ આપે છે. બિચારા નિત્યાબહેન બહુ જ રડતાં હતાં. મારો તો જીવ બળીને રાખ થઈ ગયો. હજુ પરમ દિવસે જ વાતો કરવા ઘરે આવ્યા હતા.''

આટલું સાંભળતા જ દ્વિજ ઊભો થઈને બાજુના ઘરમાં જવા ગયો, ત્વરા તેની પાછળ દોડી અને હાથ પકડીને તેને રોક્યો.

''દ્વિજ ક્યાં જાવ છો? આ તેમના ઘરનો પ્રશ્ન છે, આપણાથી ન બોલાય.''

''અરે આ લોકો પેલા બિચારા નિત્યાબહેનને આટલું હેરાન કરે એ કઇ રીતે ચલાવી લેવાય? કોઇ નથી બોલતું એટલે જ ને?''

''હા, એટલે જ તો, તમે કંઇ ઠેકો લીધો છે બધાનો? મૂકોને હવે... એમના માટે હવે આ રોજનું થઈ ગયું છે, તમે બીજાના ઘરના પ્રશ્નોમાં કેમ બોલો છો? આ બધું હવે મૂકો. જઈને નાહી લો, હું જમવાનું પીરસું.''

દ્વિજ ગુસ્સા અને અણગમા સાથે લઇને ન્હાવા ગયો એને ત્વરાએ ડાઇનિંગ ટેબલ પર જમવાનું પીરસ્યું.

હજુ તો દ્વિજ પેટમાં પહેલો કોળિયો નાખે તે પહેલાં જ ફરી પડોશમાંથી કોઈને મારવાનો અવાજ સંભળાયો. દ્વિજ આંખ આડા કાન કરે તે પહેલાં જ મારવાની સાથે ચીસ પણ તેના કાને અથડાઈ. હવે દ્વિજથી ન રહેવાયું અને તે કોળિયો થાળીમાં નાખીને જોરથી ખુરસી ખસેડીને ધુંધવાતો પડોશમાં જતો રહ્યો... બધું પડતું મૂકી ત્વરા પાછળ દોડતી ગઈ. આમ અચાનક કોઈ વ્યક્તિનું ઘરમાં આવવું જાણે બળતામાં ઘી હોમાયું અને પરિસ્થિતિ વધુ વણસતી જોતાં દ્વિજે પોલીસની ધમકી આપી, પણ પેલા લોકો પર તો જાણે પથ્થર પર પાણી. સાકેતભાઈ દ્વિજ સામે જોર-જોરથી બૂમો પાડતાં, જેમ-તેમ બોલતા હતા, આખરે વાત મારામારી પર આવતા ત્વરાએ દ્વિજને પોતાના સમ આપીને ઘરે પાછો લાવી. હવે તો દ્વિજના જવાથી પરિસ્થિતિ વધુ વણસી ગઈ હતી.

''તમને ભાન-બાન પડે છે કાંઇ? એ ગુસ્સામાં તમને કંઇક મારી દેત તો? એ લોકો તો છે જ એવાં. આપણે કેમ એમના જેવા થવાનું? એ લોકોને વગર લેવા-દેવામાં પોલીસનું કહેવાની શું જરૂર? હું એમ કહું છું, ખોટી હાથે કરીને પળોજણ શા માટે ઊભી કરો છો તમે?''

પણ દ્વિજના મનમાં તો કંઈક અલગ જ ચાલી રહ્યું હતું, ત્વરાનો અવાજ તેના કાન સુધી પહોંચતો ન્હોતો. બસ, તે નીચું જોઇને ખબર નહીં શું વિચારી રહ્યો હતો, પણ ત્વરાનું બોલવાનું ચાલુ જ હતું.

''સાંભળો દ્વિજ, સો વાતની એક વાત, હવે તમે ત્યાં જાવ તો તમને મારા.....''

હજુ તો ત્વરાનું વાકય પૂરું થાય તે પહેલાં જ નિત્યાબહેનની ભયંકર ચીસ સંભળાઈ અને પળે-પળે ચીસની તીવ્રતા વધુને વધુ ભયંકર થઇ રહી હતી. દ્વિજ ત્વરાને ધક્કો મારીને કંઈ વિચાર્યા વગર જ સીધો નિત્યાના ઘરે જતો રહ્યો. ત્વરા તો થોડી વાર માટે બસ જોઇ જ રહી.

નિત્યાબહેને અગ્નિસ્નાન કરી લીધું હતું અને સાકેતભાઈ અને તેનાં મમ્પી-પપ્પા પથ્થરના બાવલાની જેમ આ ભયાનક દૃશ્યને બસ જોઇ રહ્યા હતાં. જમીન પર હજુ પણ દીવાસળી સળગતી હતી. નિત્યાબહેનની ભયાનક ચીસો આગની જ્વાળા કરતાં પણ વધુ દઝાડતી હતી. વાતાવરણ ભયાનકમાંથી ભયંકર બની રહ્યું હતું. ત્યાં શ્વાસ લેવું પણ દુષ્કર બની ગયું હતું. બળવાની તીવ્ર વાસ વાતાવરણમાં બધે જ ફેલાઇ ગઈ હતી. ચીસો વધુ ને વધુ કારમી બનતી

જતી હતી. તેમના હાથ બચવા માટે હવાતિયાં મારી રહ્યા હતા. દ્વિજ ઝડપથી નિત્યાબહેન પાસે પહોંચ્યો અને એક પળનો પણ વિચાર કર્યા વગર તે આગમાં કૂદી પડયો અને નિત્યાબહેનની સાડીનો પાલવ પકડીને તેણે આગમાંથી બહાર ખેંચ્યા. પાછળ દોડતી આવતી ત્વરા આ દૃશ્ય જોઇને હેબતાઈ જ ગઈ. જ્યારે દ્વિજે તે આગવાળો પાલવ પકડયો ત્યારે ત્વરાની ચીસ સંભળાઈ.

''દ્વિજ.....''

પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ. ઈન્સપેક્ટરે દ્વિજ સાથે વાત કરતા કહ્યું કે, તમારી જુબાનીના આધાર પર અમે સાકેત અને તેના માતા-પિતાની ધરપકડ કરી છે. તમે એક આગળ આવ્યા છો, તેમ તમારા ફ્લેટમાંથી બીજા ઘણા લોકો આગળ આવ્યા છે તેથી આ લોકો નહીં બચે. તમારી હિંમતને દાદ દેવી જોઇએ. તમે પોતાની ચિંતા કર્યા વિના તમે કોઇની જિંદગી બચાવી છે, પોલીસ તમારી આભારી રહેશે. વધુ સમય નહીં લઉં, આમ પણ પોલીસની કાર્યવાહી લગભગ પૂર્ણ થઈ ગઈ છે અને તમારી જરૂર લાગશે તો જણાવીશું. દ્વિજથી અચાનક પૂછાઈ ગયું કે સાહેબ હવે નિત્યાને કેમ છે?

ઈન્સ્પેક્ટરે કહ્યું કે તમારી સમયસૂચકતાના લીધે તેના જીવને જોખમ નથી, શરીર ખૂબ બળી ગયું છે. સમયની સાથે શરીરના ઘા રુઝાઈ જશે પણ પોતાનાઓના ઘા કેમ રુઝાશે?

ઇન્સ્પેક્ટરના ગયા બાદ ત્વરા અને દ્વિજ ઘરમાં આવ્યાં. ડાઈનિંગ ટેબલ પર જમવાનું સુકાઈ ગયું હતું. થોડી ક્ષણોમાં શું થઈ ગયું કોઈને સમજાયું નહીં. જમવાનું એક તરફ મૂકી ત્વરા ચૂપચાપ જ્યુસ કાઢવા લાગી. તેની આંખો સૂજીને લાલ થઇ ગઈ હતી. દ્વિજ જાણી ગયો કે તે બહુ રડી હશે. તેની ચિંતા, તેનો ગુસ્સો સ્વાભાવિક હતો. દ્વિજ પર તે ગુસ્સે પણ ન્હોતી થઇ શકતી. તેણે ચુપકીદીમાંથી નીતરતો તેનો પ્રેમ ઝણકાર માત્ર દ્વિજ જ સાંભળી શકતો હતો.

''ત્વરા! I am sorry !''

પણ ત્વરા સીધી રૂમમાંથી બહાર જવા દોડી.

આજે ભલે ફરી ત્વરાએ આ વાતને જવા દીધી હોય, પણ તેના મનમાં ઘણું હતું. પેલી ફસાતી જતી, અનકહી વાત. તે પીડા, તે શૂળ આજે ફરી દ્વિજની આંખોમાં તરવતી દેખાઈ ત્વરાને. દ્વિજને જ્યારથી ઓળખતી હતી ત્યારથી એના મનમાં કંઈક એવું હતું જે દ્વિજને પીડા આપે છે અને તે કોઇને કહી પણ નથી શકતો. એક વાત આજ જે એના મનમાં ખટકયા કરે છે. તે સામેથી વાત પણ પોતે શું કરે? જે વાત અનકહી છે તેને ખબર પણ નથી. પણ હવે તે દ્વિજને આ પીડામાં પણ ન જોઇ શકે. આખરે તેણે નક્કી કર્યું કે આજે સાંજે દ્વિજ હોસ્પિટલથી આવશે એટલે સમય જોઇને અને હિંમત કરીને વાત કરશે. સાંજે ત્વરાએ સાડી પહેરી અને પાલવ પણ તેની ગમતી રીતે પહેર્યો. ખબર નહીં કેમ દ્વિજ તેને પાલવની બાબતે હંમેશા ટોકતો હતો કે તું આ રીતે નહીં, આમ જ પાલવ પહેરે અને પૂછતા કહેતો કે એમ નાખે તો મને બહુ ગમે. વાત ત્યાં પૂરી થઇ જતી.

આજે બધું દ્વિજને ગમતું હતું, ભાવતું Dinner બનાવ્યું હતું. ત્વરાએ પહેરેલો પાલવ અને પોતાનું મનગમતું Dinner જોઇને દ્વિજ ખુશ થઇ ગયો બંને પ્રેમથી જમ્યાં અને જમીને હીંચકા પર બેઠાં. દ્વિજ હીંચકા પર બેઠો એકલો ઝૂલતો હતો, ત્વરા સામે પાળીના ટેકે ઊભી રહી હતી. દ્વિજ તેને જોઇ રહ્યો હતો. તેનો પાલવ હવામાં લહેરાઈ રહ્યો હતો અને પછી ફરી પાછો તેની કમર પર વાદળોની જેમ છવાઈ જતો. દ્વિજ તેના લહેરાતા પાલવને જોઇ રહ્યો હતો.

''ત્વરા, તું આજે ખરેખર ખૂબ જ સુંદર લાગી રહી છે. ખાસ કરીને તારો આ પાલવ!''

ત્વરા શરમાઈ રહી હતી, તેને મનમાં એમ થતું હતું કે તે દ્વિજની બાહોમાં પોતાને છુપાવી લે, પણ તે પોતાને પાલવના છેડા સાથે રમતી રહી.

''તમને ગમ્યું એટલે બસ.''

''પણ આજે આ બધું આમ અચાનક? હું કાંઇ ભૂલી તો નથી રહ્યો ને?''

''ના, ના તમે ભૂલો? બસ એમ જ પાછલા દિવસોમાં જે થયું તેનાથી સ્થિતિ થોડી હળવી બને, બધું બહુ ભારે-ભારે લાગતું હતું એટલે જ.''

''ત્વરા, તું મારું કેટલું ધ્યાન રાખે છે, કેટલું વિચારે છે મારા માટે, તારા જેવી પત્ની હોવી એ મારા નસીબ જ છે, તારા આવવાથી મારું રણ જેવું જીવન વૃંદાવન જેવું ખીલી ગયું.''

ત્વરા દ્વિજના ખભા ઉપર માથું ઢાળીને તેની બાજુમાં બેઠી, દ્વિજનો હાથ ત્વરાના ખુલ્લા લાંબા વાળના ધોધ સાથે રમત કરી રહ્યો હતો. બંને ચુપચાપ એકબીજાના પ્રેમને

 ISSN 0976 – 9609

માણી રહ્યાં હતાં.

''દ્વિજ ! તમને ખોટું ન લાગે તો એક વાત પૂછું?''

''બોલ ને, એમાં શું ખોટું લાગવાનું?''

''દ્વિજ જ્યારથી હું તમને ઓળખું છું, તમને મેં હંમેશા એકલા જ જોયા છે. મિત્રો જ તમારી દુનિયા રહી છે. આજ સુધી તમારી પાસેથી તમારા પરિવાર વિશે કશું જ સાંભળ્યું નથી. તમારી સાથે સપ્તપદી ફરીને આ ઘરમાં આવી ત્યારે પણ કોઇ જ નહીં. તમારા ઘરમાં કોણ કોણ છે? એ પણ નથી ખબર......''

''ત્વરા શું આ જ વાત કરવાની છે તારે, બીજી કોઇ વાત ન મળી, તને ખબર છે ને કે હું આ વિશે વાત નથી કરવા માંગતો.''

''દ્વિજ, please, તમે ગુસ્સે ન થાવ, સારું એમ કહો તો કોણ-કોણ છે? તમારા ઘરમાં, એમાં શું વાંધો છે?''

''ત્વરા, એમ નહીં. તને કહેવાનો મને વાંધો નથી, પણ મને આ અંગે વાત કરવી નથી ગમતી.''

''સારું તમે મને એ લાયક સમજો કે તમારું હૈયું મારી પાસે ખાલી કરી શકો ત્યારે કહેજો. હવે હું ક્યારેય તમને મજબૂર નહીં કરું.''

''તું મારે લાયક છે. આવું ન બોલ, સારું સાંભળ, મારા ઘરમાં પપ્પા, દાદા અને દાદી છે.....''

''અને મા?''

''હા... એ પણ છે.''

દ્વિજની આંખો ભીની થઇ ગઇ, ચહેરા પર સ્હેજ ખૂબ જ વ્હાલું એવું સ્મિત આવી ગયું અને આંખોમાં સંતોષ. થોડીવાર કંઈક વિચાર્યું અને હસી પડયો, અને ત્વરાએ એ તક ઝડપી લીધી અને બોલી,

''તમારા મમ્મી કેવાં છે?''

તે ધીરેથી હસ્યો અને બોલ્યો,

''મારી મા, બિલકુલ મારી મા જેવી હતી. શું કહું એમના પાલવમાંથી હંમેશા માની જ સુગંધ આવતી હતી. મોટી-મોટી કાળી આંખો કે જેમાં બધાંને માટે માત્ર પ્રેમ જ ઘૂઘવતો. સામેવાળો ભલે ગમે તે હોય, પણ મા બધાને પ્રેમ કરતી. હંમેશા કંકુનો હાથેથી કરેલો ચાંદલો અને તેનાથી જ સેંથો પૂરે, મને નજર ના લાગે તે માટે મેશ આંજે અને માથે મોટું કાળું ટપકું કરતી. બધાની તેને ખબર રહેતી અને તે બધાંનું ધ્યાન રાખતી.

મારા પ્રત્યે કંઈક ખાસ જ વ્હાલ. તે મને અને હું તેનો પાલવ પકડીને તેની આગળ પાછળ ફર્યા કરતો. તેની પાલવની સુગંધથી જ મને ખબર પડી જતી કે મારી મા આવી. તે વળી સુગંધથી હંમેશા ભરેલી રહેતી અને તેના સુગંધના દરિયામાં હું હંમેશા ભીંજાતો રહેતો. હું ઊઠું ને સવારે તો તડકો આવી ગયો હોય તો તે પાલવ આડો રાખીને હું ઊઠું નહીં ત્યાં સુધી ઊભી રહે. સાંજે રમીને પાછો આવું ત્યારે તે પાલવથી મારું મોં લૂછતી. જમવા બેસું એટલે એ પાલવથી મને પવન નાખતી, મને કાંઈ વાગે તો તે તેનો પાલવ ફાડીને પાટો કરતી, હું રડું તો તે એ જ પાલવથી મારા આંસું લૂછતી મારી મા...

મારી મા બિલકુલ મારી મા જેવી ત્વરા ! શું શું કહું તને? મારા ઘરની યાદમાં હું માત્ર મારી માને જ યાદ રાખવા માંગું છું. એ જ છે મારા ભૂતકાળનો સુવર્ણકાળ. જ્યારે હું એમની સાથે હતો. એક પળ પણ તેમનાથી દૂર નથી રહ્યો. એના પાલવ વિના મને ઊંઘ પણ ન આવે. મારી મા સાથેનો એ કિંમતી સમય કયારે પણ નહીં ભૂલી શકું.....''

દ્વિજ અચાનક જ ચૂપ થઇ ગયો અને બધું જ શાંત થઇ ગયું. દ્વિજના ચહેરા પર નાના બાળક જેવું સ્મિત આવી ગયું. ત્વરાએ દ્વિજનું આવું રૂપ કદી નહોતું જોયું. તે તેને જોઇ જ રહી અને ઘણું ન સમજતાં તે બોલી.

''પણ દ્વિજ, તમે તમારાં માને આટલા યાદ કરો છો તો એમના માટે તો જાવ, ત્યાં ભલે ગમે તે વાત હોય મા તો ભૂલી જ જાય.''

''એ આ જન્મમાં નહીં થઈ શકે.''

''પણ કેમ?''

દ્વિજ ત્વરાની સામે જોઇ રહ્યો. તેની આંખોમાંથી આંસુ આવી ગયા. તેણે ત્વરાના બંને હાથ પકડી લીધા, અને નીચે બેસી પડયો.....

''ત્વરા ! તું જિંદગી છે મારી, એ ભૂતકાળના પાનખર બાદ તું વસંત છે, તું સાચી છે, તને નહીં કહું તો કોને કહીશ. આજ સુધી આ વાત મારી અંદર જ રાખી હતી. તારા તમામ સવાલોના જવાબો આજે તને મળશે. આ મારા જીવનનો એવી હિસ્સો છે જે હું ભૂલવા માંગું છું, પણ ભૂલી નથી શકતો.....

હું ૭ વર્ષનો હતો, મને બરાબર યાદ છે. રોજની જેમ આજે પણ હું માના પાલવ સાથે રમતો હતો. મા રોટલી કરતી હતી અને મને રમાડતી હતી, ત્યાં અચાનક પપ્પા આવી ગયા અને રોજની જેમ મા સાથે ઝઘડો શરૂ કરી દીધો. તેમાં દાદા-દાદી પણ જોડાઈ ગયા. હું તો મારા માના પાલવમાં સંતાઈ ગયો. ઝઘડો ધીરે ધીરે વધતો જ ગયો. મારી મા ઘૂંઘટમાં રડતી રહી અને હું પાલવમાં. તે પાલવથી મારા આંસુ લૂછતી રહી અને મને ન રડવાનું કહેતી રહી. મારી માને પપ્પાએ માર્યું પણ ખરું. ઝઘડો ઉગ્ર બની રહ્યો હતો, પણ મારી મા નીચું માથું રાખીને સાંભળતી રહી અને પછી અચાનક જ પપ્પાએ મને મારા માના પાલવથી એક ઝટકાની સાથે દૂર કરી દીધો.

અને..... અને.... અને પછી...... પછી..... મારી માને મારી આંખો સામે જ સળગાવી દીધી..... દ્વિજ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. ત્વરાથી તેની નજીક પણ ન જવાયું....

''હું મારી માને.. મારી સામે આગમાં ભડ-ભડ સળગતી જોઇ રહ્યો હતો. પથ્થરની જેમ. મેં તેને બચાવી પણ નહીં, કે ન તો પ્રયત્ન કર્યો, ત્યારે તેના પાલવમાંથી આવતી એ વાસ મને ન ગમી ત્યારે તેનો પાલવ હું અડયો પણ નહીં કે ના તેનો પાલવ પકડીને તેને બચાવી. તે ચીસો પાડતી રહી, તેણે મારું નામ હજારો વાર ચીસો પાડીને લીધું હશે. હું બસ જોઇ જ રહ્યો અને તેની ચીસો સાંભળતો રહ્યો, મેં કાંઇ જ ન કર્યું તેણે બચાવવા, એ મારી આંખ સામે બળીને મારું નામ લેતી મરી ગઇ, હું કશું જ ન કરી શકયો ત્વરા......'' દ્વિજ પોતાના હાથ ચહેરા પર મૂકીને પોતાનો ચહેરો છુપાવીને રડી પડયો, ત્વરાએ તેના હાથ પકડી લીધા. બીજું તે કશું કહી ના શકી, કારણ કે તે ખુદ જ રડી રહી હતી.

''તે પછી હું કદી ઘેર નથી રહ્યો. હોસ્ટેલમાં જ રહ્યો. રજાઓમાં પણ ઘરે નહોતો જતો અને જઉં તો પણ નાનાને ત્યાં જ રહેતો. ઘરના કોઇ સાથે મેં આ ઘટના પછી વાત નથી કરી. કોલેજમાં જોબ માટે ટ્રાય કરતો હતો તો નોકરી મળી પછી ઘરેથી પૈસા લેવાના પણ બંધ કર્યા. પપ્પા મળવા આવતા હતા, પણ મને બોલવાની કદી એમની હિંમત ના થઇ કે ના મારું મન થયું એમને મળવાનું. એ મને જોઇને ચાલ્યા જતા. મિત્રો જ મારું ફેમિલી બની ગયા. ત્યાર પછી મારા બાપે બીજાં લગ્ન પણ કર્યા, પણ એ બાઇ કોણ છે, કેવી છે તે પણ મને ખબર નથી. મેં તેમને કદી માફ નથી કર્યા અને મેં મારી જાતને પણ કદી માફ નથી કરી. હું પણ મારા પપ્પા જેટલો જ જવાબદાર છું. તેના અપરાધભાવમાં રોજ બળું છું, એ આગમાં એ અસહ્ય બળતરા, પીડામાંથી રોજ પસાર થાઉં છું. મા હતી એ મારી, હું તેમને ન બચાવી શકયો, કઇ રીતે માફ કરું. કદાચ એટલે જ નિત્યાબહેનનું જે થયું, હું મારી જાતને ન રોકી શક્યો. મને થયું મારી માને તો ના બચાવી શકયો, પણ તેમને તો જરૂર બચાવીશ. ભલે હું બળીને ખાખ થઇ જાઉં. આ વાત મેં કોઇને નથી કહી, હંમેશા ભાગતો રહ્યો છું. એકલો જ રહ્યો અને પાનખરમાં જ જીવ્યો છું. પણ ત્વરા, તેં મને વસંત બતાવી. તારી સાથે હું બધું ભૂલી જતો. તેં મારી સાથે મારા પરિવાર વિશે એક પણ સવાલ કર્યા વિના લગ્ન કર્યાં, તારા પરિવારની વિરુદ્ધ જઇને. તું મને સમજી શકી. તેં મારી માની જેમ મારી ચિંતા કરી છે, મને ખુશ રહેતાં શીખવાડ્યું છે.

એટલે જ તને હું હંમેશા કહેતો કે, ''તું આ રીતે નહીં, આ રીતે પાલવ પહેર, કારણ કે મારી મા આમ જ પાલવ પહેરતી હતી....''

॥ વિદ્યાવૃત ॥

## નલિની કોલેજમાં નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી પરાક્રમ દિવસ તરીકે કોલેજના આચાર્ય ડૉ.એમ.જી. મન્સુરીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે સુભાષચંદ્ર બોઝનું જીવન અને કાર્ય વિષય પર ડૉ.નીલેશ બારોટનું ઓનલાઈન વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.બી.એમ. ગજેરાએ કાર્યક્રમની ભૂમિકા બાંધી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. મહેમાન વ્યાખ્યાતા ડૉ.નીલેશ બારોટે સુભાષચંદ્ર બોઝના જીવનની રૂપરેખા આપી નેતાજીના વ્યક્તિત્વનો પરિચય આપ્યો હતો. અધ્યક્ષ સ્થાનેથી સંબોધતા કોલેજના આચાર્ય ડૉ.એમ.જી. મન્સુરીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ.બી.એમ. ગજેરાએ કર્યું હતું તથા ટેક્નીકલ સેવા ડૉ.એમ.એસ. પરમારે આપી હતી.


ISSN 0976 – 9609

## મણકો-૫

શીલા વ્યાસ

વ્હાલા વાચક મિત્રો, આપણા જીવનમાં બનતી કેટલીક એવી ઘટનાઓ જે મન પર લાંબા સમય સુધી ઘેરી છાપ મૂકી જાય છે. એવી જ એક વાત ગયા વર્ષે થયેલા અનુભવની છે. આજે આપની સાથે પુનઃ સ્મરણ કરું.

સરકારશ્રીની શિક્ષણ યોજના મુજબ સર્વશિક્ષા અભિયાન અંતર્ગત એક ગામડાની મુલાકાતે મારે જવાનું થયું. હાઇસ્કૂલે જઈ, જરૂરી પત્રકો, કાગળો લઈ રવાના થયો, જૂનાગઢ જિલ્લાના આણંદપર ગામે. સવારનો સોનેરી તડકો અને ઓક્ટોબરની ગુલાબી ઠંડી વાતાવરણને પ્રફુલ્લિત બનાવવા પૂરતા હતા. એવામાં મારી નજર એક વિશાળ આંબા નીચે ખાટલા પર નિરાંતે બેઠેલા આધેડ પુરુષ પર પડી. મને થયું, લાવ, આ પરિવારની મુલાકાત લઇ આજના કામની શરૂઆત કરું.

મેં સ્કુટર રસ્તાની બાજુએ નીચે તરફના ઢાળે ઉતાર્યું, ઊભું રાખી વિવેકથી પૂછી લીધું, 'ભાઇ આવું કે?' એમણે હાથ ઊંચો કરી, 'એ.... રામ... રામ...' કહી મારું અભિવાદન કર્યું. મેં પણ બે ડગલા સામે ચાલી હાથ મિલાવ્યા. એણે ખાટલે બેસવા ઇશારો કર્યો ને પછી 'એ મેંમાન... છે'... એવી હાકલ પાડી. મેં સ્પષ્ટતા કરી, 'ના રે... બાપુ.... માસ્તર છું. થોડી માહિતી ચોપડે નોંધવા આ બાજુ નીકળ્યો. સર્વ શિક્ષા અભિયાન માટે થોડા સવાલો કરી શકું... જો વાંધો ના હોય તો?' એણે માથું હલાવી સંમતિ આપી. મેં નોંધણી પત્રક ખોલ્યું ને ટૂંકી વિગતો ટપકાવી, નામ, વ્યવસાય, અભ્યાસ, આવક, પરિવારના સભ્યો વગેરે.... પછી સંતાનો વિશે પૂછતાં એ જરા મૌન થઇ ગયા. એટલામાં એમના પત્ની રૂપીબેન પાણીનો લોટો અને ચાની કીટલી, રકાબી લઇ આવ્યા. મને પાણી ધરતા, કીટલી ખાટલાના પાયા પાસે મૂકતા જે....સી... કિસ્ના.... (જય શ્રીકૃષ્ણ) કરતા નીચે બેઠા. મેં પણ સામે હાથ જોડ્યા. માટલાનું ઠંડુ પાણી પીધું. ત્યાં વાતનો દોર હાથમાં લેતાં એ બોલ્યાં, 'સાયેબ, આ બધો ઉપરવાળાનો ખેલ સે. મારો વ્હાલો રાજી નૈ હોઇ તીં અમને શેર માટીની ખોટ પડી. ભલે, બાપલા...ઇમાં શું? આ ખેતર, ઝાડવાં, છોડવાં, ફૂલડાં, પંખીડાં ઇ બધાય આપણા જ છોરું છે ને? ભલેને મારી કૂખે જલમ નથી લીધો. પણ છે તો આપણી જેમ ધરતી માના જ ને? પરભુએ હાથ-પગ સાથે આખાને હાજા-હમા ઘઇડા ઇ કાંઇ ઓછો ઉપકાર સે?'' મેં ચ્હા પીને રકાબી નીચે મૂકી એમની વાતમાં સૂર પુરાવ્યો, 'સાચી વાત અને સારી સમજ છે તમારી' પછી પત્રકની વિગતો તપાસવા લાગ્યો. બહેન કીટલી લઇને ઘરકામે વળગ્યા. હું નિઃશ્વાસ નાંખીને ઊભો થવા જતો હતો ત્યાં ખેડૂત મિત્ર લખુભાએ મારા ખભે હાથ મૂકી રોક્યો.

એણે નિરાંતે વાત માંડી, 'જૂઓ સાયેબ, આ તો કિરતારની મરજી. અમારે ખેતર, ખોરડે અને ખાટલે મે' માનની કોઇ દિ ખોટ નથી હો? જાત મહેનતનું રળી લૈએ ને બે મીઠાં વેણે પાંચ માણહમાં પૂછાયેં ઇનાથી રૂડું બીજું શું ? આપણો માંહ્યલો કયે ઇમ કરવું. ખોટા વિચારે દુઃખી ના થાવું, કોઇને નડવું નૈ, કોઈની નિંદા- બૂરાઇ કરવી નૈ, અણહકનું લેવું નૈ, શક્તિ પરમાણે ગરીબ-ગુરબાને દાન કરવું, વડીલ-બીમારની સેવા કરવી. જીવદયા રાખીને ભલા કરમ કરીએ ઇમાં જીવતરનું ભણતર આવી ગ્યું કે નૈ ભલા?'

હું તો કોઈ મોટા ફિલસૂફની વાત સાંભળતો હોઉં એમ એકી ટસે એના અવાજમાં ઓગળેલી સમજદારીને મનમાં ઘૂંટતો રહ્યો. આમ મને ખોવાયેલો જોઈ એણે ઢંઢોળ્યો, 'બોલો સાહેબ, બીજું કાંઇ પૂછવાનું?' ને હું સફાળો જાગ્યો હોઉં એમ બોલી પડ્યો, 'ના ભાઇ ના,.. કાંઇ નહિ. તમે કીધું એમાં ઘણું બધું આવી ગયું. સર્વ શિક્ષા અભિયાન તો માત્ર શિક્ષિત પ્રજાનો સર્વે હાથ ધરવાનું નિમિત્ત છે. એનો કોઈ મતલબ નથી. પણ સાચું તો તમારું આત્મશિક્ષણ એટલે કે કોઠાસૂઝ છે. એટલું જો આ દેશની સરકાર કે નાગરિકોને સમજાઈ જાય ને તો આ સમાજ ખરા અર્થમાં સભ્ય, સમજુ અને સમૃદ્ધ બને. એ જ કેળવણીનો સાર છે. 'લ્યો ત્યારે, મારે હાઇસ્કૂલે પહોંચવાનું છે, ફરી મળીશું... રામ....રામ....' કહી હું ચેતક પર સવાર થઇ, મનમાં નવી સમજની મ્હેંક લઇ ઊપડ્યો... .

આર્ટ્સ-કોમર્સ કોલેજ, બોરસદ

॥ હાસ્ય નિબંધ ॥

## શાલ અને સન્માન

**નગીન દવે**

અખાત્રીજના શુભદિને બપોરના ૧૨.૪૦ કલાકે વરરાજાની હસ્તમેળાપની વિધિ થઈ રહી હતી. વરરાજો પરસેવે નીતરતો હતો. એ જમાનામાં વીજળી આવી નહોતી. વરરાજાએ લાંબો કોટ પહેરેલો અને ઉપર ગરમ શાલ ઓઢેલી. શાલ કાઢી નાખે તો કંઈક ગરમી ઓછી થાય. તેણે અણવરને ઈશારો કર્યો પરંતુ અણવરે ચૂપ રહેવાનો ઈશારો કર્યો અને કાનમાં સત્તાવાહી સ્વરે કહ્યું કે પરણવા બેઠેલા વરરાજાએ લગ્ન-આચારસંહિતા બરાબર પાળવી પડે. વરરાજો પરસેવે નીતરી રહ્યો હતો અને અણવર તે લૂછતો હતો. થોડીવાર પછી મંગળફેરાની વિધિ માટે હવનપાત્રમાં અગ્નિ પ્રગટાવવા છાણાં સળગાવ્યાં અને મંડપમાં ધુમાડો ફેલાયો. ઘણાં જાનૈયા ભાગ્યા પણ વરરાજો જાય ક્યાં? તેની અકળામણનો પાર નહોતો. હવે તો અડધી શાલ પણ પરસેવાથી ભીંજાઈ ગઈ હતી પરંતુ સહન કર્યે જ છૂટકો.

એ જમાનામાં શાલ એટલે વૈભવ અને ગૌરવશાળી વ્યક્તિત્વનું પ્રતીક. પાંચમાં પૂછાય એવી વ્યક્તિઓ શાલ ધારણ કરે. એ જમાનાનાં જાજરમાન નેતાઓ પં.જવાહરલાલ, સરદાર પટેલ, રાજેન્દ્રબાબુ વગેરે શાલ ધારણ કરતા. સફેદ ગાંધીટોપી, જાકીટ, સુરવાલ અને શાલથી તેઓ પ્રતિભાવંત લાગતા. શેઠ શાહુકારો દેશી રજવાડાના પ્રધાનો, દીવાનો વગેરેનું શાલ એ સ્ટેટસ સિમ્બોલ-પ્રતિષ્ઠાનું પ્રતીક ગણાતું.

શાલ એ સન્માનજનક દરજ્જાને પાત્ર ક્યારે બની તે સંશોધનનો વિષય છે પરંતુ આપણા દેશમાં સીવેલા કપડાં પહેરવાની શરૂઆત બહુ મોડી થયેલી. તે પહેલાં સ્ત્રી-પુરુષ બધા સીલાઈ વગરનાં જ કપડાં પહેરતાં પણ એ છૂટો પહેરવેશ પૂરેપૂરો મર્યાદાવાળો હતો. એ સમયે અંતરીય, ઉત્તરીય અને કાયબંધ પહેરવામાં આવતાં. અંતરીય એટલે અંડરવેર-આંતરવસ્ત્રો, ઉત્તરીય એટલે કમરથી ઉપરનાં ભાગે લપેટવામાં આવતું વસ્ત્ર અને કાયબંધ એટલે કમર પર બાંધવામાં આવતો પટ્ટો.

ઉત્તરીય વસ્ત્ર બહુ અગત્યનું કહેવાતું અને તે દરેક પુરુષ, રાજા-મહારાજાથી માંડીને સામાન્યથી સામાન્ય દરજ્જાનાં સૌ પહેરતાં. રાજા-મહારાજાઓ, શેઠ-શાહુકારો મોટા માણસોને મૂલ્યવાન રેશમી કપડાનું ઉત્તરીય હોય. કાળક્રમે આ ઉત્તરીયનું ઉપવસ્ત્રમાં રૂપાંતર થયું. તેને ઉપરણી પણ કહેવામાં આવતી. પછી ઉપરણું આવ્યું. એમાંથી જ આ શાલનો જન્મ થયો. મોટા માણસો કિંમતી શાલ ઓઢતા તો નાના માણસો ખભે સાધારણ ખેસ રાખતા. તે ખભે ફાળિયા તરીકે પ્રચલિત થયાં. ફાળિયાધારી લોકો ઝાઝાં નજરે પડે અને શાલધારી તો વ્યક્તિ વિશેષો જ દેખાય. શાલ ઓઢનાર માણસ સન્માનનીય છે એટલે સન્માનના પ્રતીક તરીકે શાલ ઓઢાડવાની પ્રથા ચાલુ થઈ હોવી જોઈએ.

પુંજાભાઈની મજદૂર સહકારી મંડળીના પ્રમુખ તરીકે વરણી થઈ ત્યારે શાલ ઓઢાડીને સન્માન કરવાનો સમારંભ ગોઠવાયો. આ પ્રથા નવીસવી શરૂ થઈ હતી અને ગામમાં શાલ મળતી નહોતી એટલે શહેરમાંથી શાલ મંગાવવામાં આવી. નિયત સમયે કાર્યક્રમ શરૂ થયો. ભાષણવિધિ પૂરી થઈ અને પુંજાભાઈનું સરપંચના હસ્તે શાલ ઓઢાડી સન્માન કર્યું. તાળીઓના ગડગડાટ થયા. પુંજાભાઈ હરખાતાં હરખાતાં ઘરે આવ્યા.

શાલ ઝીણવટથી નીરખીને તેમનાં પત્નીએ કહ્યું, ''આ શાલમાં તો સોળ જેટલા કાણાં છે... આવી શાલથી સન્માન...?''

''તને કાણાં લાગતાં હશે પણ એ તો ડિઝાઈન છે.''

''હું બરાબર જોઈને જ કહું છું....આ તમારું સન્માન કર્યું કે અપમાન? આ તો કોઈ ખરીદે નહીં, અરે મફતમાં પણ લે નહીં એવી શાલ તમને જાહેરમાં ઓઢાડી તમારું નાક કાપ્યું.'' પત્નીનાં ભવાં ખેંચાયાં.

''ના..ના.. એવું નથી. મારા પ્રત્યે કોઈને દુર્ભાવ નથી. તું નાહક ગુસ્સો કરે છે, શાંત થા...''

''આવી શાલ કરતાં રૂની રજાઈ કે સોલાપુરની ચાદર ઓઢાડી હોત તો સારું હતું.'' પત્ની બબડી.

થયેલું એવું કે સરપંચનાં ઘરે નવી નકોર શાલ ડામચિયા પર સોળ વડી સંકેલીને રાખેલી. શાલ પર એક ખૂણે ઉંદરમામાએ ચાંચ મારી દીધેલી એટલે તેમાં સોળ કાણાની ડિઝાઈન થઈ ગયેલી. સરપંચ અને પુંજાભાઈને બે વરસ અબોલા રહ્યાં.

અડગડાનંદજીનો હીરક જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે અનેક સાધુ-સંતો, મઠાધીશો, પીઠાધીશો સાથે તેમનાં અનુયાયીઓ, સેવકગણ હાજર હતા. સોળ વરસનાં તેમનાં લબરમૂછિયા ચેલા ભભૂતાનંદને તેમણે તેમના ઉત્તરાધિકારી તરીકે જાહેર કરી તેમનો ચાદરવિધિ કાર્યક્રમ કરી

 ISSN 0976 – 9609

નાખ્યો. અલબત્ત મઠનું સંચાલન તો તેમને જ કરવાનું હતું. આ ચાદરવિધિમાં ઓઢવા પાથરવાની જાડી ચાદરો નહીં પરંતુ મુલાયમ શાલો ઓઢાડવામાં આવે છે. આમંત્રિતો, સાધુસંતો, સેવકોને ચાદરવિધિની શાલો ઓઢાડવાનો કાર્યક્રમ બે કલાક ચાલ્યો. શાલનાં ઢગલા થયાં. પ્રસંગો રંગેચંગે ઉજવાયા પછી મઠાધિપતિએ જોયું તો ઘણીબધી શાલોનો ઢગલો થયો હતો. આટલી બધી શાલોનું કરવું શું ? તેઓ વિચારે ચડ્યા. જો તેનું વેચાણ કરી નાખીએ તો વગોવણી થાય. તેમનાં અંગત મંત્રીએ સૂચન કર્યું કે આપણે અષ્ટોત્તર શત કથા બેસાડીએ અને કથાવ્યાસ સહિત સૌ ભૂદેવ, પંડિતોને શાલ ઓઢાડી તેમનાં સન્માન કરીએ. બાબાને આ સૂચન ગમ્યું.

કથાની પૂર્ણાહુતિએ કથાવાચકને કિંમતી શાલ ઓઢાડી અને સર્વ પંડિતોનું તેમને લાયક શાલ ઓઢાડી સન્માન કર્યું. સાંજે ભજન-સંધ્યામાં લોકડાયરા થતાં. તેનાં કલાકારોને પણ તેમની કક્ષા મુજબ શાલ ઓઢાડી. વાદ્યવૃંદનાં સાજિંદાઓને પણ શાલ ઓઢાડી. અડગડાનંદજી પુસ્તક-સાહિત્યપ્રેમી હતા એટલે ઘણા લેખકો, કવિઓ તેમની પાસે પુસ્તકોનાં વિમોચન કરાવતાં હતાં. એ સાહિત્યકારોને પણ શાલ ઓઢાડીને સન્માન્યા. હવે થોડી જ શાલો બચી હતી તે શિયાળામાં ઓઢવામાં કામ લાગશે એમ ધારી રાખી મૂકવામાં આવી. શાલનો સુયોગ્ય રીતે વિનિયોગ થવાથી બાબાજી પ્રસન્ન હતા.

આ શાલ વિતરણનું બહુ સુંદર પરિણામ આવ્યું. કથાવાચકો, પંડિતો, સાજિંદાઓ, લોકસંગીતનાં કલાકારો તેમને પ્રસાદીરૂપે મળેલી શાલોને શુકનવંતી ગણી ખભે રાખવા લાગ્યા અને શાલ એ તેમની આગવી ઓળખ બની. શાલનાં ફાયદાઓ પણ અનેક છે. તે ધારણ કરવાથી એક આભા પ્રગટે છે. એ આધ્યાત્મિક ચેતનાનું પણ પ્રતીક છે. મેલી નજરથી બચવા માટેનું એ બખ્તર છે. વાગ્દેવી પ્રસન્ન રહે છે એટલે વાક્છટા ખીલે છે. શ્રોતાઓને કથા શ્રવણમાં તલ્લીન બનાવે છે. હરિ અનંત હરિકથા અનંતા. ચિરકાળ સુધી ઉપદેશ કથાઓ અવિરતપણે ચાલ્યા જ કરવાની છે અને ધર્મ સાથે શાલ જોડાયેલી રહેશે.

સન્માન માટે શાલ એ પ્રથા કાંઈ આજકાલની નથી. રામાયણ પ્રમાણે રામચંદ્રજી જ્યારે ગાદીએ બેઠા ત્યારે તેમનાં તાબાનાં અનેક રાજાઓએ તેમને મોતી-સોના-ચાંદી સાથે ઉત્તમ ઊનમાંથી બનાવેલા કામળાઓ પણ ભેટ આપેલાં. મહાભારતમાં દર્શાવ્યા પ્રમાણે પણ ભગવાન શ્રીકૃષ્ણ વિષ્ટિ માટે હસ્તિનાપુર આવ્યા ત્યારે મહારાજ ધૃતરાષ્ટ્ર તરફથી અનેક કિંમતી ભેટો સાથે સુંદર કાશ્મીરી પશમીના શાલો પણ આપવામાં આવી હતી.

મીરાંબાઈએ ગાયું છે: 'ચૂંદડી ઓઢું તો રંગ ચૂએ રંગબેરંગી હોય, ઓઢું હું કાળો કામળો દૂજો રંગ ન લાગે કોઈ.' કાળો કામળો- કામળી-શાલ એ આધ્યાત્મિકતાનો પણ રંગ છે. નાનક સાહેબનું આ પદ જાણીતું છે.

'કભી તો ઓઢે શાલ દુશાલા, કભી ગુદડી ફટિયાં લીરાંદી; વાહ વાહ રે મોજ ફકીરાંદી.'

દુશાલા એટલે બેવડી શાલ. ક્યારેક એ મળે કે ફાટેલી ગોદડી ફકીરોને હંમેશા મોજ જ છે.

એક મદભરી માનુની ગાડીમાંથી નીચે ઊતરતા તેમની કિંમતી કડક સાડી હેન્ડલમાં ભરાતાં સહેજ ફાટી પરંતુ તેમણે ઓઢેલી શાલ એવી રીતે લપેટી દીધી કે તેઓ વધારે જાજરમાન લાગવા માંડ્યાં. ફિલ્મ શોલેના ઠાકુર બલદેવસિંહને બંને હાથ નથી અને એ છૂપાવવા માટે તે હંમેશા શાલ ઓઢી રાખે છે અને સમય આવ્યે બંને પગથી દુશ્મનને પીટે પણ છે.

શાલથી સન્માન એટલે ખૂબ જ આદરભર્યું સન્માન. જો કે શાલ ગમે તેટલી કિંમતની ચાલી શકે. કાશ્મીરની પ્રખ્યાત પશમીના શાલ કે જેની કિંમત રૂપિયા બે લાખ જેટલી થાય છે. તે માથાના વાળ કરતાં પણ પાંચ-છ ઘણા પાતળા બકરાનાં વાળમાંથી બનાવવામાં આવે છે. અને કહેવાય છે કે તે એક વીંટીમાંથી પણ પસાર થઈ જાય છે. આવી કિંમતી શાલથી હજી સુધી કોઈનું સન્માન થયું નથી.

ઘેટાં-બકરાંનાં વાળ એટલે કે ઊનમાંથી બનતાં હોવા છતાં ધાબળા, કામળા, કામળી કરતાં શાલને પવિત્ર માનવામાં આવે છે. બ્રાહ્મણો પૂજામાં કામળી પહેરે છે. કામળીનું આસન રાખે છે. કામળી ખભે રાખે છે. કામળી ધારણ કરનાર મહા વિદ્વાન અને પારંગત પંડિત ગણાય છે.

હિન્દીની પ્રસિદ્ધ કવયિત્રી મીરાં શ્રીવાસ્તવે ''ઊની શાલ'' નામનો કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે. ગુજરાતી કવયિત્રી પન્ના નાયકે પણ શાલ પર કવિતા લખી છે. પરિધાનોમાં આભૂષણરૂપ શાલ અત્ર, તત્ર, સર્વત્ર તેનો ડંકો વગાડી રહી છે

---

૨૪૨, પુષ્કરધામ સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ- ૩૬૦૦૦૫.
M. 63521 55849

# No More A Distant Dream

**Satya Ramesh**

## A. Abstract

With the new academic session due to commence in the first week of April 2020 and the first nationwide lockdown being declared in the last week of March 2020, leaving all the stakeholders in a state of uncertainty, educators have no choice left but to adapt at a rapid rate to what is called the new normal. Students from varying socio-economic backgrounds, teachers with differing technical competencies and many more posed a challenge to overcome. Two to three months seem to have been spent to explore, experiment and experience. Gradually things started to fall in place and stakeholders' adaptability to the new normal has become better. The role of continuous training in bringing about the paradigm shift has been phenomenal. The perseverance of each teacher to fight like a warrior is commendable and the outcome has been envisioning education from a completely different perspective to achieve sustainability expected in the years to come.

## B. Identification Of The Problem/Challenging Situation/Issue To Be Resolved And Analysis Of The Problem

COVID 19 pandemic has thrown a challenge (Shape up or ship out) for all stakeholders in the domain of education. With no option left but to adapt to the challenges of the new normal, every member had to make efforts to transform themselves to fit into the emerging system.

A careful analysis of the situation helped us realize the need to unlearn and relearn newer pedagogies and methodologies which could blend with technology. Also, continuous professional development by enhancing self-learning skills is found to be of paramount importance to keep pace with the rapid rate at which technology has been changing.

## C. Objectives And Planning Done

- To help teachers acquire at a rapid rate the technical competence and skills needed to effectively deal with the challenges of the 21st century learners.
- To become familiar with issues related to cyber security and associated cyber laws.
- To promote among teachers an attitude to become co-learners.

**Planning Done:**

- Teachers to be put into groups based on their technical competence.
- Every teacher to be allotted a fellow teacher as mentor
- Short term goals to be identified
- Necessary training to be provided
- Ample time to explore, experiment and experience to be given to teachers
- Performance to be reviewed periodically (weekly)
- Remedial measures to be planned.

## D. Implementation, Challenges Faced And Possible Alternatives Decided

- Well begun is half done. Teachers have shown readiness to unlearn and relearn. However, within no time, there has been a phenomenal change in the work culture. The entire team got into two groups – accelerated and slow learners.
- Each slow learner has been allotted an accelerated learner as mentor
- A number of pilot runs have to be taken by the slow learners to achieve mastery



ISSN 0976 – 9609

- Short assessments with peer group initiated to build confidence.
- Constructive feedback sessions held to bridge gaps effectively

E. **Resources Involved (Both Human And Material):**

Fellow teachers, a few experts from outside as well as trainings conducted by COEs, CBSE, CDC, and Waymade College of Education have been the greatest resources in this endeavour.

F. **Teachers' Reflections :**

- Some of the learning tools such as Google classroom, Google Meet, WebEx, and many more which were highly helpful for me during these COVID 19 times have been explored, experimented and experienced in depth. Inadvertently these experiences helped immensely in grooming my professional skills. Introduction of Myclassboard (MCB) an ERP has been an added advantage. It had implied application while teaching and received positive feedback from parents.

**Shefaly Mahajan**

- When the China born pandemic enforced us all to head for lockdown, the general feeling was, how long would it be? We all thought this was a ephemeral situation and the schools would reopen soon. From creating short videos to support learning in the month of April, we all started learning to use different platforms and applications like Zoom, Google Meet, Microsoft Team, Webex and many more to take online classes. The management and the Principal of our school V and C Patel English School have been a delight to work with especially during these trying times. The teachers were provided with technical guidance and most importantly, emotional support to ease out the pressure of online teaching. Whenever a teacher faced a difficulty, the school management was there to provide necessary support. To make the teaching-learning experience better, the school partnered with a leading ERP Myclassboard (MCB). The software made things better in terms of class coordination, ease of taking an online class and assigning worksheet to assess learning of the students and many more.

**Kaushik Raval**

- "It's not faith in technology. It's faith in people". I did not know the ABC of technology till June 2020. I was afraid of operating computer especially when it comes to taking classes online. I learnt how to use whiteboard and formatting of various documents. I have learnt many things. This became possible only because of the faith which the heads of the organisation had in their employees. I express my sincere gratitude to all those who have been a constant support for me to achieve this milestone especially during these difficult times.

**Nita Patel**

- Teaching, being a profession that requires one on one interaction became a little more difficult for the students as well as the teachers. As a teacher, I had to acquire new technological skills to be able to fulfil my duties. Initially it was a bit challenging, but later I was able to teach my students online. In this journey, the school supported me by giving me opportunities to participate in webinars to enhance my teaching skills. On the whole, it was the hard work of everyone that helped us to get through these tough times without affecting the quality of education that the school is known for.

**Alpa Panchal**

- आज के समय में तकनीकी शिक्षा का प्रभाव तीव्र गति से बढ़ रहा हैं। अध्यापक के रूप में हम भी इसी पद्धति का प्रयोग विद्यार्थियों को शिक्षा देने में करते हैं। जिसमें पी पी टी, पी डी एफ फाइल, ऑनलाइन वाइट बोर्ड, एनिमिनेटेड वीडियो और ऑनलाइन वीडियो के माध्यम से विद्यार्थियों को सीखाते हैं। ऑनलाइन तकनीकी शिक्षा पद्धति को सीखकर मैंने छात्र केन्द्रित शिक्षा पर अधिक बल दिया है । कंप्यूटर और मुख्य सॉफ्टवेयर का उपयोग करना सीखकर अध्यापन कार्य करते हैं । नयी तकनीकी शिक्षा पद्धति को सीखकर विद्यार्थियों को शिक्षा देकर विद्यालय के विकास में सहयोग दिया हैं।

**Shaileshkumar Zala**

- આજે કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં વિશ્વ આખાનો શ્વાસ રૂંધાયેલો છે તેવા સમયે દરેક ક્ષેત્રે ટેકનોલોજી વરદાન બની છે. આજે KG થી લઈને PG સુધી ટેકનોલોજી દ્વારા શિક્ષણનો વ્યાપ ચોમેર ફેલાયો છે. ત્યારે મેં પણ ટેકનોલોજી અને કોમ્પ્યુટર શિક્ષણની નવીન વિચારધારા અપનાવીને... પીપીટી, પીડીએફ ફાઈલ, એનિમેટેડ વિડીયો, ઓનલાઈન વ્હાઈટબોર્ડ, વિવિધ ઈમેજ, ચલચિત્રના અગત્યના અંશ તેમજ ઓનલાઈન વિડીયોના માધ્યમથી વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણ પર ભાર આપી વિદ્યાર્થીઓના અને શાળાના વિકાસલક્ષી માળખામાં મારું યોગદાન આપ્યું છે. આવનારા ભવિષ્યમાં પણ હું માતૃભાષાના શિક્ષણને ટેકનોલોજીના માધ્યમથી રસપ્રદ બનાવવા હંમેશા કટિબદ્ધ રહીશ.

**Ramaben Parmar**

- આચાર્ય વી. એન્ડ સી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ, વલ્લભ વિદ્યાનગર

## સવાયા ગુજરાતી સ્વ.ફાધર વાલેસની ચિરવિદાય



ઈ.સ.૧૯૪૯માં ભારત આવી, મદ્રાસમાં ગણિત વિષય સાથે એમ.એ. થયેલ સ્પેનના વતની ફાધર વાલેસને ગુજરાતી સંસ્કૃતિ-સાહિત્યના પરિચય માટે ગુજરાતી ભાષા શીખવી હતી ત્યારે સ્વ.ભાઈકાકાએ તેમને આમંત્રણ આપી સરદાર પટેલ યુનિવર્સિટી, અનુસ્નાતક ગુજરાતી વિભાગના પ્રથમ પૂર્વ પ્રોફેસર-અધ્યક્ષ તથા જાણીતા કવિ જશભાઈ કા.પટેલનો સંપર્ક કરાવી રહેઠાણની સુવિધા સાથે ગુજરાતી ભાષા શીખવા માટેની વ્યવસ્થા કરી આપી હતી.

પછી તો ફાધર વાલેસ અમદાવાદ ખાતે સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગણિતના અધ્યાપક તરીકે જોડાઈને સ્થાયી થયા એ દરમિયાન અખબારો, સામયિકોમાં લેખો લખતા થયા. પરિણામે તેમના તરફથી સદાચાર, વ્યક્તિ ઘડતર, નવી પેઢીને વ્યક્તિ-કુટુંબ-સમાજ-જીવનલક્ષી ‘મંગલ’ શ્રેણી વગેરે અનેક પુસ્તકો ગુજરાતને સાંપડ્યાં.

અલબત્ત, તેમણે ગુજરાતી ભાષામાં લેખ લખવાનો પ્રારંભ વલ્લભ વિદ્યાનગરથી-તેના વિદ્યાકીય વાતાવરણથી કર્યો હતો. આ સંદર્ભે એમણે પોતે એક મુલાકાતમાં કહેલું કે, ‘‘ગુજરાતી ભાષામાં લખાયેલ અને અહીંના મેગેઝીનમાં છપાયેલ મારા એ પ્રથમ લેખથી, મારી લેખનપ્રવૃત્તિનો શુભારંભ થયો હતો. ગુજરાતી ભાષા શીખવા માટેની તેમજ ગુજરાતી ભાષામાં લેખ લખવા માટેની જરૂરી શિસ્ત, એકાગ્રતા અને સજ્જતાની ઉત્તમ તક તથા તાલીમ મને અહીં વલ્લભ વિદ્યાનગરમાંથી મળી હતી, જેને હું મારું સદ્ભાગ્ય સમજું છું.’’

આમ, ફાધર વાલેસની ગુજરાતી ભાષામાં થયેલ લેખન-પ્રવૃત્તિનું પગેરું યા તેની ગંગોત્રી વલ્લભ વિદ્યાનગર છે, જે આ નગર માટે આનંદ ગૌરવની ઘટના છે.

સ્પેનમાં ચિરવિદાય પામેલ સ્વ.ફાધર વાલેસને ‘વિ-વિદ્યાનગર’ પરિવાર હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

- આર.પી. પટેલ


ISSN 0976 – 9609

# ભારતીય જ્ઞાન-વિજ્ઞાન પરંપરાના ભેખધારી - શ્રી ધર્મપાલજી

- શ્યામ ખંભોળજા



૧૯ ફેબ્રુઆરી, ૧૯૨૨
૨૪ ઓક્ટોબર, ૨૦૦૬

ચુસ્ત ગાંધીવાદી અને સ્વદેશી અભિયાનના મુખ્ય પ્રણેતાઓ પૈકીના એક શ્રીધર્મપાલજીનો જન્મ ૧૯ ફેબ્રુઆરી, ૧૯૨૨ના રોજ ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં કાંધલા નામના નગરમાં થયો હતો. ખૂબ જ નાની ઉંમરે ગાંધીજીથી આકર્ષિત થઈને તેમની વિચારધારાથી જોડાયા હતા. ઈ.સ. ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં પણ તેઓએ સક્રિય ભાગ લીધો હતો, જેના પરિણામે ૧૯૪૩માં તેમની ધરપકડ થઇ હતી. ૧૯૪૭માં આઝાદી બાદ તેઓ કમલાદેવી ચટ્ટોપાધ્યાય અને રામમનોહર લોહિયાના સંપર્કમાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કમલાદેવી ચટ્ટોપાધ્યાય પોતે મહાદેવ ગોવિંદ રાનડે જેવા મહાનુભાવોના વિચારોથી પ્રભાવિત હતા. ધર્મપાલજીએ ૧૯૪૮માં ઇઝરાયેલના વાયા ઇંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ફીલીસ સાથે લગ્ન કર્યા હતા. સ્વતંત્રતા બાદ ભારતમાં સમાજ ઉત્થાન માટે અનુકૂળ વાતાવરણ ના મળતા ધર્મપાલજી આશરે ત્રણ વર્ષ સુધી લંડન રહ્યા હતા. ત્યારબાદ તેઓ ૧૯૫૮ થી ૧૯૬૪ સુધી ગ્રામીણ વિકાસ માટે કાર્ય કરતી સ્વયંસેવી સંસ્થા AVARDના મંત્રી રહ્યા હતા. આ સંસ્થાની સ્થાપના કમલાદેવી ચટ્ટોપાધ્યાયએ કરી હતી. જ્યારે ધર્મપાલજી મંત્રી હતા ત્યારે જયપ્રકાશ નારાયણ આ સંસ્થાના અધ્યક્ષ હતા. ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ માટે પંડિત નેહરુને જવાબદાર ગણાવીને તેમના રાજીનામાંની માગણી કરતા લેખ ધર્મપાલજીએ લખ્યા હતા. પરિણામે તેમની ધરપકડ કરવામાં આવી હતી. ઈ.સ. ૧૯૬૩ માં તેમને અખિલ ભારતીય પંચાયતી રાજ પરિષદના નિર્દેશક તરીકે નિમણૂક આપવામાં આવી હતી. તમિલનાડુના પ્રવાસ દરમિયાન પંચાયતી રાજના અભ્યાસ બાદ તેમણે "The Madras Panchyat System: A General Assessment." નામના પુસ્તક રૂપે પોતાના સંશોધનો પ્રકાશિત કર્યાં હતાં અને દર્શાવ્યું હતું કે અંગ્રેજી રાજ દરમિયાન ભારતીય મૂલ્યોનો પંચાયત વહીવટમાંથી હ્રાસ થયો હતો. ભારતીય ઇતિહાસ અને પરંપરાઓને સાચા અર્થમાં રજૂ કરવા માટે તેઓએ બ્રિટિશ રાજ દરમિયાનના ભારતીય અભિલેખોનો અભ્યાસ શરૂ કર્યો હતો. આશરે એક દશકાના સંશોધન બાદ ૧૯૭૧માં તેમનું પુસ્તક "Indian Science & Technology in the Eighteenth Century" પ્રકાશિત થયું હતું જેમાં ભારતીય ઇતિહાસમાં મેડિકલ સાયન્સ, ખેતી, ધાતુશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર જેવા વિષયોના વિકાસ વિષે ઊંડાણથી છણાવટ કરી હતી. વર્તમાન સમયમાં અમેરિકા સ્થિત ઇન્ફીનિટી ફાઉન્ડેશનના શ્રી રાજીવ મલ્હોત્રા, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગરના પ્રો.મિશેલ દનીનો, અમદાવાદમાં પુનરુત્થાન ટ્રસ્ટના સુ.શ્રી. ઈન્દુમતીબેન કાટદરે જેવા અભ્યાસુઓ ભારતીય જ્ઞાનવિજ્ઞાન પરંપરા પર જે સંશોધન કરી રહ્યા છે તેના બીજ ક્યાંક ને ક્યાંક વર્ષો પહેલા ધર્મપાલજીએ વાવ્યા હતા તેમ કહી શકાય. તેમનું સૌથી મહત્ત્વનું પુસ્તક "The beautiful Tree: Indigenous Indian Education in the Eighteenth Century" ભારતીય શિક્ષણ પદ્ધતિના મહત્ત્વ પર ભાર મૂકે છે. ઉપરાંત બ્રિટિશ કાળના દસ્તાવેજોને આધારે તેમણે મદ્રાસ, પંજાબ, બંગાળ અને કેરળ જેવા પ્રાંતોમાં સર્વધર્મ અને જાતિના લોકોના શૈક્ષણિક વિકાસ અને પરિસ્થિતિનું વર્ણન કર્યું છે. આ પુસ્તકને આધારે કહી શકાય કે અંગ્રેજી હકૂમતના શરૂઆતના સમયમાં ભારત શિક્ષણક્ષેત્રે શિરમોર હતું. પ્રો.પ્રબલરાય ચૌધરી અનુસાર અંગ્રેજી શિક્ષણપદ્ધતિનો હેતુ અંગ્રેજી ભાષાના જાણકાર લોકોને તૈયાર કરવાનો હતો અને તેથી અમુક વર્ગ પૂરતો સીમિત હતો. તો બીજી તરફ અંગ્રેજી શિક્ષણપદ્ધતિ કરતા પહેલેથી અમલમાં રહેલી ભારતીય શિક્ષણપદ્ધતિમાં સમાજના તમામ વર્ગોને શિક્ષિત કરી શકાયા હતા. આ પુસ્તકો સિવાય "ભારતીય ચિત્ત, માનસ અને કથા", "Civil Disobedience and Indian Tradition", "The British Origin of Cow-Slaughter in India", "Understanding Gandhi", "ભારત કા સ્વધર્મ", "India before British Rule and Basis for India's resurgence: An Introduction: Some Explorations and Writings" જેવા અગત્યના પુસ્તકો પણ ધર્મપાલજીની સમાજને ભેટ છે. તેઓ ભારતીય ઇતિહાસના સંશોધનને લગતી સંસ્થા "Indian Council of Historical Research"ના ત્રણ ટર્મ સુધી સભ્ય રહ્યા હતા. ધર્મપાલજીને લગતા તમામ ગ્રંથોનું સંકલન અમદાવાદસ્થિત પુનરુત્થાન ટ્રસ્ટના સુ.શ્રી ઈન્દુમતી કાટદરે દ્વારા કુલ ૧૧ ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. ૨૪ ઓટોબર, ૨૦૦૬ના રોજ ધર્મપાલજીનું અવસાન સેવાગ્રામ, વર્ધા, મહારાષ્ટ્ર ખાતે થયું હતું.

પ્રાધ્યાપક, બી.બી.આઈ.ટી., વલ્લભ વિદ્યાનગર

।। આયુર્વેદ ।।

## જન્મદિવસ ઉજવણીની સાંસ્કૃતિક પદ્ધતિ

**સાગર ભીંડે**

જન્મદિવસ એ એક વર્ષમાં એક જ વખત આવતો 'પર્સનલ તહેવાર' છે. ખૂબ જ ખુશીનો અવસર છે કે ઈશ્વરે આપણને (અહીં આપણને એટલે કે આપણા આત્માને) આ દિવસે માનવ દેહ આપ્યો. આમ જોવા જઈએ તો આપણે જેને જન્મદિવસ ગણીએ છીએ તે તો આપણો સ્વતંત્રતા દિવસ છે. કારણ કે તે દિવસે આપણે માતાથી નાભિનાળ કપાવાના કારણે સ્વતંત્ર થઈએ છીએ. ત્યાં સુધી તો આપણે માતાને આધીન હતા. માતા જે આહાર-વ્યવહાર કરે તેનું ફળ આપણને મળતું હતું. એટલે જ ખરેખર જન્મનો દિવસ તો તે દિવસ છે કે જે દિવસે શુક્ર અને શોણિત (sperm-ovum)નું મિલન થાય છે અને ત્યારે જ તેમાં આત્માનો પ્રવેશ થાય છે. એટલે કે કહેવાતા જન્મદિવસથી નવ મહિના પૂર્વે પણ આ વાત તો ફક્ત જાણકારી માટે અને વાચકના અંતરાત્માને જગાડવા માટે કરી છે. બાકી આજના લેખમાં તો આપણે હાલમાં ચાલતા જન્મદિવસના વ્યવહારને જ સ્વીકારીને આગળ ચાલીશું.

ખાસ કરીને બાળકોનો જન્મદિવસ હોય એટલે માતા-પિતા સગા-વહાલાં હોટેલ નક્કી કરવામાં, ગીફ્ટ પસંદ કરવામાં, પાર્ટીનું મેનુ નક્કી કરવામાં અને ક્યારેક રીટર્ન ગીફ્ટ નક્કી કરવામાં વ્યસ્ત થઈ જતાં હોય છે. હા! કેકની ફ્લેવર, ડીઝાઈન, સાઈઝ વગેરેની ચિંતા તો ખરી જ. બાળકોના મગજમાં હવે ઘર કરી ગયું છે કે બર્થ ડે એટલે આ જ. મોજમજા, ખાવાપીવાનું અને મનગમતી ગીફ્ટ મેળવવાનો દિવસ. એક ટીપીકલ માહોલ ઊભો કરવામાં આવે. કેક ઉપર મીણબત્તી, બાળકના હાથમાં છરી, બાળકને ઘેરી વળીને ઊભેલા સગા-વહાલાં, બેકગ્રાઉન્ડમાં ગવાતું હેપ્પી બર્થ ડે ટુ યુ... વાળું ગીત. મોટી મોટી સેલીબ્રીટી (કહેવાતી) પણ આવું જ સોશીયલ મીડીયામાં શેર કરતી હોય છે એટલે આપણે પણ એવું જ કરવું પડે ને વળી!! વળી 'ગોળ વિના મોળો કંસાર'ની જેમ નુડલ્સ, પીઝા, પંજાબી (કહેવાતી) વાનગીઓ તો ખરી જ.

પણ! શું એક વખત થોભીને વિચારવું ન જોઈએ કે, શું આ જ યોગ્ય પદ્ધતિ છે? શારીરિક સ્વાસ્થ્ય માટે હાનિકારક ખોરાક ખાવો, માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક ઇચ્છાઓ આશાઓને વેગ આપવો, આર્થિક સ્વાસ્થ્ય માટે હાનિકારક નવા કપડાં, કેક, હોટલના બીલમાં પૈસા વેડફવા.

શું આના કરતાં યોગ્ય-સંવેદનશીલ પદ્ધતિ છે?

તો જવાબ છે. હા!

અને એ જ સાંસ્કૃતિક-સંવેદનશીલ પદ્ધતિ જણાવવા મેં આ લેખ લખ્યો છે.

ખરેખર તો જન્મદિવસ ઉજવવો એ એક રીસ્ટાર્ટ બટન દબાવવા જેવું છે. જો આપણે અર્થ ઉપાર્જનની દોડમાં ભૂલી ગયા હોય કે, ઈશ્વરે આપણને માનવદેહ ફક્ત પોતાના સુખ અને સંચય કરવા નથી આપ્યો પણ પુણ્યકર્મ દ્વારા સમાજ અને પ્રકૃતિને વધુ સુંદર બનાવવા માટે આપ્યો છે તો જન્મદિવસ એ ફરી યાદ અપાવે છે અને આવું તો જ થાય જો જન્મદિવસ નીચે પ્રમાણે ઉજવવામાં આવે.

બાળક ઘરમાં (હા! ઘરમાં. એટલે હોટલનું પત્તું અહીં જ કપાઈ જવાનું છે) મંદિર સામે બેઠું હોય, ચોખ્ખા ઘીના દીવાઓ પ્રગટાવતો હોય અને બેકગ્રાઉન્ડમાં ટોળું વળીને ઊભેલા સગા-વહાલાંઓ નીચે મુજબનું સુંદર મજાનું અભિવાદન કરતા હોય.

''जन्मदिनंमिदं अयि प्रिय सखे, सन्तनोतुते सर्वदा मुदम। प्रार्थयामहे भव शतायुषी, ईश्वर सदा त्वां च रक्षतु।। पुण्यकर्मणा कीर्तिं अर्जय, जीवनं तव भवतु सार्थकम्।''

અર્થાત હે પ્રિય મિત્ર (અહીં પુત્ર, પુત્રી, ભગિની અથવા સીધું જ નામ પણ લઈ શકાય) આજે તારો જન્મદિવસ છે - અને તારા શતાયુ (૧૦૦ વર્ષના સ્વસ્થ આયુષ્ય)ની પ્રાર્થના કરીએ છીએ અને ઈશ્વર તને હંમેશા સંરક્ષિત કરી (અહીં ફક્ત ખુશી જ આપે એવું નહીં પરંતુ દુઃખમાં પણ સ્વસ્થતા-સ્થિરતા જાળવવામાં મદદ કરે એવું) તમે પુણ્યકર્મ થકી કીર્તિ મેળવો અને તમારું જીવન સાર્થક બનાવો એવી શુભેચ્છા.

પછી તાળીઓ વગાડીને બાળકને વધાવી લેવામાં આવે. ઉપસ્થિત સગા-વહાલાં બાળકને તિલક લગાવે. આશીર્વાદ આપે. ભગવાનને ચડાવેલો પ્રસાદ (શીરો, લાપસી, ફ્રૂટ, ડ્રાયફ્રૂટ વગેરે) બધા એકબીજાને ખવડાવે અને ફોટોસેશન કરે.

આ દૃશ્ય પણ ખૂબ જ મનોરમ લાગે. બધા જો સાંસ્કૃતિક પહેરવેશમાં હોય તો તો 'સોને પે સુહાગા.'

નોંધ : અહીં જાતિ, ધર્મ, સંસ્કૃતિ મુજબ ભાષા બદલી શકાય. પૂજાવિધિ બદલી શકાય પણ જન્મદિવસ ઉજવણીનો મર્મ, હેતુ સમાજ કલ્યાણ જ રહેવો જોઈએ નહીં કે પોતાની ખુશી. અસ્તુ.

---

આસીસ્ટન્ટ પ્રોફેસર, ITRA, જામનગર



ISSN 0976 – 9609

॥ વિશેષ ॥

# મુજ મનની ભાષા, મારી માતૃભાષા ગુજરાતી

રમા પરમાર

*લાગણીના જળ વડે મર્દન કરું છું,*
*શબ્દો કાગળ પર ઘસી ચંદન કરું છું,*
*બે ગઝલ બે કવિતાના પુષ્પો અર્પણ કરી,*
*પ્રથમ હું માતૃભાષાને વંદન કરું છું.*

– પિનાકીન ઠાકોર

આ સુંદર મુક્તક ગુજરાતી સાહિત્યમાં સોનેરી પાને અમર થઇ ગયું. જેમાં કવિ પોતાની લાગણીઓ જેવી કે સંવેદના, શ્રધ્ધા, સ્વભાષાપ્રેમ, સામાજિકતા અને સંસ્કૃતિ જેવા પંચામૃત દ્વારા માતૃભાષાને ભીંજવવાની વાત કરે છે. માતૃભાષાના પવિત્ર શબ્દોને કાગળ પર ઘસીને ચંદન વડે માતૃભાષાને શણગારે છે. કુસમસમા સહજ ખીલખીલતા અને મહેકતાં ગઝલ અને કવિતારૂપી ફૂલહારનાં તોરણ બાંધી માતૃભાષા ગુજરાતીના સંસ્કાર મા ગુર્જરીની પ્રાર્થના કરી આ અમૂલ્ય મુક્તક ભેટ ધરે છે. હું એક ગુજરાતી અને માતૃભાષા-ગુજરાતી હોવાને નાતે અહીં મારી હૃદયોર્મિઓને શબ્દો દ્વારા પ્રવાહિત કરવાનો પ્રયત્ન કરું છું.

દુનિયાભરના દેશોમાં માતૃભાષાનું જતન કરવાના ઉચ્ચાદર્શથી વિશ્વ કક્ષાએ પ્રતિ વર્ષ ૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે. ૧૯૯૯ના નવેમ્બરમાં યુનેસ્કોએ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ઉજવવાનું નકકી કર્યું જે ફેબ્રુઆરી ૨૦૦૦થી દર વર્ષે ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય હતો સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવું તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવું. દુનિયાની સાત હજાર જેટલી ભાષાઓમાંથી અડધી આજે વિનાશના માર્ગે છે, કહેવાય છે કે લગભગ દર પંદર દિવસે એક ભાષાનું મૃત્યુ થઇ રહ્યું છે તેવા સમયે યુનસ્કોનું આ પગલું આવકારદાયક છે. આ દિવસે દરેક શિક્ષણ સંસ્થાઓમાં, રાજકીય પાર્ટીઓમાં મેળાવડા કરી આદર્શો, નૈતિકતા અને માતૃભાષાના રક્ષણની મોટી મોટી વાતો અને દેખાવો કરી, ફક્ત આ એક દિવસ પૂરતો જ માતૃભાષા પ્રત્યે પ્રેમ છલકાવી બાકીના ૩૬૪ દિવસ એની અવહેલના અને અનાદર કરવો તેમજ અછૂત જેવું વર્તન કરવું કેટલું યોગ્ય છે???

આજે આપણી ગુજરાતી ભાષા આટલી સમૃદ્ધ હોવા છતાં હરપળે તેની અવગણના થઈ રહી છે. વૈશ્વિકરણના કારણે અંગ્રેજી જેવી જ્ઞાન ભાષાના પ્રભાવથી આપણે આપણી માતૃભાષાના રક્ષણમાં ક્યાંકને ક્યાંક ઊણા ઊતર્યા છીએ. આજે આપણો સમાજ માતૃભાષાનું મહત્ત્વ ભૂલી વિદેશી ભાષા પાછળ ઘેલો બન્યો છે. આપણે ત્યાં આજકાલ પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાનું લોકોને ઘેલું લાગ્યું છે. તેઓને એટલું જરૂર કહેવું છે કે ''અંગ્રેજી તો સારું જ છે પણ ગુજરાતી તો મારું છે.'' અંગ્રેજીની જરૂર છે જ પરંતુ જ્યાં સુધી માતૃભાષાનું શિક્ષણ બરાબર ન મળે ત્યાં સુધી અંગ્રેજી ભાષાનું જ્ઞાન અશક્ય નહિ તો અધૂરું જરૂર છે. કોઈપણ ભાષા માતૃભાષાના માધ્યમ દ્વારા જ સરળતાથી શીખી શકાય છે. આપણા વિચારોનું, આપણી લાગણીઓનું આદાન-પ્રદાન આપણે આપણી માતૃભાષામાં જ કરી શકીએ છીએ. માતૃભાષા ગ્રહણશક્તિનું પ્રવેશદ્વાર છે અને અભિવ્યક્તિનું આત્મબળ છે. માતૃભાષાના માધ્યમ દ્વારા જ આપણે અન્ય વિષયોનું જ્ઞાન સારી રીતે મેળવી શકીએ છીએ. માતૃભાષા વગર નથી સંતોષ, નથી આનંદ, નથી ઉત્સાહ-ઉમંગ, નથી અભિવ્યક્તિ કે નથી વ્યક્તિત્વ વિકાસ-આવું કહેવામાં મને કોઈ અતિશયોક્તિ નથી લાગતી. જેવી રીતે માતાનું દૂધ ન મળવાથી બાળક કુપોષિત બને છે તેવી જ રીતે માતૃભાષાથી અળગા રહેલા દેશની ભાવિ પેઢીના સંસ્કારો, સંસ્કૃતિ અને શિક્ષણ પણ કુપોષિત બને છે.

*સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી,*
*મળી માતૃભાષા મને ગુજરાતી.*

– ઉમાશંકર જોશી

આ પંક્તિમાં કવિએ માતૃભાષાના વૈભવ અને તેની કોમળતા વર્ણવ્યાં છે. સાથે સાથે મળી માતૃભાષા મને ગુજરાતી એમ પણ કહ્યું છે. ખરેખર મા અને માતૃભાષા આપણને જન્મતાંની સાથે જ ઇશ્વરના વરદાન સ્વરૂપે મળેલાં અણમોલ રત્નો છે. કદાચ વિનામૂલ્યે મળેલી હોવાથી આજે મા અને માતૃભાષાની હાલત દયનીય બની છે જ્યારે ઊંચી ફી આપીને શીખવાતી વિદેશી ભાષાનો મોહ કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે. જન્મ આપે તે માતા, અભિવ્યક્તિ આપે તે ભાષા પરંતુ જે મનની ઊછળતી ઊર્મિઓને વાચા આપે તે તો માતૃભાષા જ હોય છે. માના ઉદરમાંથી જ સાંભળેલી ભાષા એટલે આપણી માતૃભાષા. જેમાં આપણે સ્વપ્ન જોઈએ છીએ, સ્નેહ કરીએ, આત્મીયતા દર્શાવીએ અને હૃદયના ઉમળકાથી

લાડ લડાવવા માટે ક્યાંય શબ્દોને ગોઠવવા ન પડે તે માતૃભાષા. તત્ત્વમાં સત્ત્વ ભળે એટલે માતૃભાષા પ્રગટે. માતૃભાષામાં વિચારોનાં બીજ રોપાય, લાગણીઓના અંકુરો ફૂટે, સમજણનો છોડ ઊગે, સંસ્કારોના જળથી સિંચન થાય, શબ્દોનાં પુષ્પો ખીલે, વાક્યોનાં તોરણ બંધાય અને મન પ્રફુલ્લિત બની ડોલવા લાગે. માતૃભાષામાં કહેવાયેલી કોઈ સરસ પંક્તિ, ગઝલ, સુવિચાર, ગીત, કાવ્ય, ભજન, લોકગીત કે દુહાના શ્રવણ માત્રથી જ રૂંવાડાં ઊભાં થઇ જાય અને અંગેઅંગમાં સ્ફૂર્તિ આવી જાય. એટલે જ અગાઉ કીધું તેમ કે 'તત્ત્વમાં સત્ત્વ ભળે એટલે માતૃત્વ પ્રગટે.' જેવી રીતે એક માના સ્પર્શ માત્રથી દુનિયાની ગમે તેવી હતાશા અને દુઃખ-દર્દ દૂર થઈ જાય તેવી જ રીતે માતૃભાષાના શ્રવણ માત્રથી જ દિલમાં અનેરા આનંદની અનુભૂતિ થઈ જાય છે. કોઈના હૃદયમાં સ્થાન પામવું હોય તો માતૃભાષા એક અસરકારક રસ્તો છે. દરેક વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ એની માતૃભાષા થકી જ થાય છે. ગુજરાતી ભાષા એટલે જાણે કે શબ્દનો લીલો પાલવ ઓઢી, વાક્યો થકી સંવેદનાઓની સરિતા વહેતી જઈ સંસ્કારોના સમુદ્રમાં ભળી જતી મારી નિર્મળ માતૃભાષા. કોઈપણ દેશનો વતની તેના દેશની સાથે સાથે તેની માતૃભાષાને પણ ખૂબ જ પ્રેમ કરતો હોય છે. દુન્યવી સમાજની જ્યાંથી શરૂઆત થાય છે અને સામાજિક વ્યવસ્થામાં જેનું અમૂલ્ય પ્રદાન છે તેવી આપણી સંસ્કૃતિ અને સંસ્કારની ઊર્જા સમી આપણા વડીલો દ્વારા વારસામાં મળેલી આપણી માતૃભાષા ગુજરાતી માટે હું ગર્વ અને આનંદ અનુભવું છું. માતૃભાષા કેવળ એક ભાષા જ નહિ પરંતુ આપણું સૌનું આત્મસન્માન છે.

ગાંધીજીએ માતૃભાષા માટે કહ્યું છે કે 'મારી માતૃભાષા ગમે તેટલી અધૂરી હોય તોય માની છાતીએથી હું અળગો ન થાઉં તેમ માતૃભાષાથી પણ ન થાઉં. મારા જીવનને ઘડનારું દૂધ મને તેના સિવાય બીજે ક્યાંથી મળે.' ગાંધીજીની આ વાત સાથે તાલ મિલાવતા હોય તેમ ફાધર વાલેસે કહ્યું હતું કે- 'બીજાનું અપનાવો પરંતુ આપણું શા માટે છોડી દો છો. જો ભાષા જાય તો સંસ્કૃતિ અને સંસ્કારોને પણ સાથે ઘસડીને લઈ જાય છે તે કંઈ ઓછું જોખમ નથી. કેમ કે ભાષા અને સંસ્કૃતિ એકબીજાની સાથે એવી રીતે ઓતપ્રોત થયેલી, વણાયેલી, એકરૂપ થયેલી અને સંકળાયેલી છે કે એક જાય તો બીજી જાય જ.'

અરદેશર ફરામજી ખબરદારે ગુજરાત અને ગુજરાતીની પ્રશંસા કરતાં ગાયું છે કે-

*જ્યાં જ્યાં વસે એક ગુજરાતી*
*ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત*
*જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી*
*ત્યાં ત્યાં ગુર્જરી મહોલાત.*

- ખબરદાર

આજે વિશ્વના ખૂણે ખૂણે ગુજરાતીઓ વસે છે અને માતૃભાષામાં જે થોડીઘણી વાત કરે છે તે આપણા માટે ગર્વ લેવા જેવું છે. જ્યાં ગાંધીજીએ જેને દૂધભાષા' અને ઉમાશંકર જોશીએ જેને ગાંધીગિરા' તો વળી માતૃભાષાના ભારોભાર વખાણ કરતાં કવિ નર્મદે પણ સરસ લખ્યું છે કે-

*મને ફાંકડું અંગ્રેજી ન આવડવાનો અફસોસ નથી,*
*પણ મને કડકડાટ ગુજરાતી આવડવાનો ગર્વ છે.*

- નર્મદ

*એ વિચારીને ફૂલે ગજ ગજ મારી છાતી,*
*હું ને મારી ભાષા બંને છીએ ગુજરાતી*

- વિનોદજોશી

અનેક કવિઓ અને લેખકોએ માતૃભાષા ગુજરાતીને મહાન અને અમૂલ્ય ગણાવતાં સુંદર પંક્તિઓ વડે તેનું ઋણ ઉતારવાનો પ્રયાસ કર્યો છે. તેમાંથી કેટલીક પંક્તિઓ રજૂ કરતાં મારું મન પણ પ્રફુલ્લિત થઈ ઊઠે છે-

*''જ્યાં હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગજરાતી,*
*ગુણીયલ ગરવી ભાવે રૂડી શબ્દોથી એ છલકાતી.*
*લાડ લડાવ્યા જે ભાષાએ જેણે કીધો મોટો,*
*રગમાં વહેતી ભાષા ભૂલું માણસ તે તો ખોટો.*
*અક્ષર ભાળું ગુજરાતી ત્યાં ઉર્મિઓ હરખાતી,*
*હું છું ગુજરાતી ને મારી ભાષા છે ગુજરાતી...''*

- રવજી ગાબાણી

*''મેં તારા નામનો ટહુકો અહીં છાતીમાં રાખ્યો છે,*
*ભૂંસવા ક્યાં દીધો કક્કો, હજી મારી પાટીમાં રાખ્યો છે.*
*મલક કૈંક કેટલા ખૂંદ્યા, બધાની ધૂળ ચોંટી પણ,*
*હજુયે મારો ધબકારો મેં ગુજરાતીમાં રાખ્યો છે.''*

- રઇશ મણિયાર

*''વાત મારી જેને સમજાતી નથી,*
*એ ગમે તે હોય પણ ગુજરાતી નથી.''*

- ખલીલ ધનતેજવી


ISSN 0976 – 9609

આમ માતૃભાષા ગુજરાતીએ બાળકનું રુદન બનીને, તેનું નિર્મળ હાસ્ય બનીને, કાલીઘેલી તળપદી વાક્યાવલીઓ અને બાળપણની રમતોમાં રમીને, તરુણાવસ્થામાં નિખાલસ મસ્તી કરતી, યુવાનીના ઉંબરે માધુર્ય છલકાવતી સંસ્કારો અને સમજણરૂપી જીવનમૂલ્યોનું સાધનાકેન્દ્ર બની, લોકગીતો અને લોકોક્તિઓનું રસપાન કરાવતી તેમજ દીકરીને વળાવતી વેળાએ પિતાની આંખોનાં અશ્રુ બનીને તો વળી હજાર હાથવાળા શામળિયાને રીઝવવામાં પ્રવાહિત થઈ સર્વને આશિષ આપ્યાં છે.

ભગવતીકુમાર શર્મા કહે છે કે ''આપણે સંકુચિત-સંકીર્ણ ના બનીએ વિશ્વ સાહિત્ય અને વિશ્વ સંસ્કૃતિની દિશાઓનાં બધાં બારી બારણાં મોકળાં રાખીએ પણ સાથે જે આપણી માતૃભાષા છે તેને અવગણીએ નહિ. ડુંગરા ભલે પૂંજીએ પણ ઘરના ઉંબરા પૂજવાનું ન વિસરીએ.'

ગુજરાતી ભાષાના પ્રખર ચિંતક શ્રી ગુણવંત શાહે પણ કહ્યું છે કે ''અંગ્રેજીનો વિરોધ કરનાર મૂર્ખ છે પણ માતૃભાષાનો વિરોધ કરનાર મહામૂર્ખ છે.'' આમ, અંગ્રેજીને એક વિષય તરીકે બાળકને ભણાવો એ જરૂરી તો છે પરંતુ અનિવાર્ય તો નથી જ. વિષય તરીકે અંગ્રેજી વિષયનું જ્ઞાન મેળવવામાં કાંઈ જ ખોટું નથી પણ પ્રાથમિક શિક્ષણનું માધ્યમ જ અંગ્રેજી હોય તે આપણા ભાષાશાસ્ત્રીઓ અને કેળવણીકારોના મતે પણ અજુગતું જ છે. તેઓ પણ પ્રાથમિક શિક્ષણને માતૃભાષામાં જ અપાય તે વાતની હિમાયત કરે છે.

આપણા એક સમયના કલેકટર સાહેબ અને જાણીતા કવિ શ્રી ભાગ્યેશ જહાને કેમ ભૂલી શકાય? તેઓએ પણ માતૃભાષા ગુજરાતીને પોતાની માની ઉપમા આપીને તેના ગુણગાન કર્યાં છે. તેમણે કહ્યું છે કે- ''ગુજરાતી મારી મા છે, હિન્દી મારી માસી છે, સંસ્કૃત મારી દાદીમા છે અને અંગ્રેજી મારા પડોશમાં રહેતી રૂપાળી, વિદેશી અને વિદુષી નારી છે. હું બેસતા વર્ષના દિવસે એ વિદેશિનીને પગે લાગીને પાંચસો ડોલર લઉં પણ મને ઊંઘ ન આવે તો હાલરડું તો મારી મા એટલે કે ગુજરાતી જ ગાય...'' કદાચ આ જ કારણસર તેઓએ પોતાની દીકરીઓને પણ માતૃભાષામાં જ ભણાવી.

આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ દેશને આપેલી નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ દ્વારા પોતાની માતૃભાષામાં જુદી જુદી વિદ્યાઓના અધ્યયનથી શિક્ષણમાં શ્રેષ્ઠતા આવશે તેમજ એવી પેઢીનું નિર્માણ થશે જે પૂર્ણરૂપે ભારતીય મૂલ્યો અને પરમ્પરાઓને સમર્પિત અને ભારતની ગૌરવપૂર્ણ સંસ્કૃતિની વાહક હોય. તો આપણે સૌ પણ ગુજરાતના ઐતિહાસિક અને ભવ્ય વારસાનું જતન કરીએ.

જ્યારે માતૃભાષાનું ભવિષ્ય ધૂંધળું જણાઈ રહ્યું છે ત્યારે તેના ઐતિહાસિક વારસાને સાચવવાનો સમય ખરેખર પાકી ગયો છે. દિનપ્રતિદિન માતૃભાષાનું અસ્તિત્વ જોખમાઈ રહ્યું છે. જે દિવસે આપણે આપણી માતૃભાષાના સાનિધ્ય માટે અને તેને બોલવામાં ગૌરવ અનુભવીશું તે દિવસે ભાષા જીવશે એને પરાણે જીવાડવી નહિ પડે.!!! તો આવો માતૃભાષાનું મહત્ત્વ વિસરતા સમાજને અધઃપતનથી બચાવીએ. આજે માતૃભાષા આપણને સાદ કરી રહી છે, સંભારી રહી છે અને માતૃભાષાના શિક્ષક તરીકે આ કામને વહેલામાં વહેલા માથે ઉપાડી લેવું એ તો આપણી નમ્ર ફરજ અને જવાબદારી છે. જો આપણે આટલું પણ કરી શકીશું તો માતૃભાષા પ્રત્યેનું ઋણ ઉતારવાની સોનેરી તક આનાથી સારી નહિ મળે એની મને ખાતરી છે. વિદેશી ભાષાની ઘેલછામાં ભાન ભૂલેલા કરોડો માતા-પિતાને માતૃભાષાનો મહિમા સમજાવવો પડશે અને માતૃભાષાથી અળગા થઈ રહેલાં બાળધન અને સ્વયં પાંગળી બની રહેલી માતૃભાષાને બચાવવાનો દઢસંકલ્પ કરી આત્મનિર્ભર બનીએ.

જય જય ગરવી ગુજરાત, જય માતૃભાષા ગુજરાતી.....

---

મદદનીશ શિક્ષિકા (ગુજરાતી), વાસંતીબેન અને ચંદુભાઈ અંગ્રેજી વિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.

# S.M. Patel College of Home Science

**Dr. Bhavna Chauhan**

## An Overview

The Charutar Vidya Mandal established the S. M. Patel College of Home Science in 1971, under the leadership of the eminent Home Scientist Madam B. Tarabai, a pioneer of Home Science education in India. The generous donation by Shri Manibhai Patel of Sojitra Village, in the name of his father Shri Shivabhai Patel made the construction of the college building possible. The college is celebrating its Golden Jubilee Year in 2020-2021.

The focus is to prepare young women and equip them to professionally deal with challenges in this fiercely competitive scenario. The institute plays a dynamic role in increasing the efficiency of the Family and the Community for excellence through education.

This College is affiliated to the Sardar Patel University; Vallabh Vidyanagar situated near Anand, the Milk city of India.

The logo of the college is an open book, which is spreading the light of knowledge with a motto. 'Vidyaratana Mahadhanam' - ignited minds better tomorrow.

## Our Vision

Empowerment of young women through quality education to meet the current and emerging challenges in the global perspective for the holistic development of self and the society.

## Our Mission

To provide scientifically planned skill-oriented courses relevant in the present context.

To continuously upgrade the curriculum to one that is globally applicable, locally relevant and responsive to upcoming challenges of the society.

To affiliate, synergize with communities, organizations, institutions at local, regional, National and International level. Empowering young the girls to respond creatively with a sense of responsibility to the contemporary needs of the society.

Capacity building of young girls to inculcate a sound philosophy for holistic living and maintain a sustainable career growth curve.

## Objective

To give practical experience by industrial linkages and community neighbourhood networking.

To sensitize the students in identifying the needs of less advantaged/deprived groups in the society and make a positive contribution to the society.

To identify and nurture the innovative entrepreneurial abilities of young girls for lifelong socio-economic value addition.

To develop potential and creativity among students and help them in solving academic and personal problems.

## College Profile :

The all-girls college S M Patel College of Home Science offers B.Sc. (Home) in four


ISSN 0976 – 9609

specializations viz. Human Development, Textiles and Clothing, Family Resource management and Foods and Nutrition and in the General stream of Home Science. The college is also neoteric in introducing the Vocational B Sc course in Food Science and Quality Control. It is also the only college recognised in the state of Gujarat to have an IGNOU centre for M Sc in Dietetics and Food Service and Management.

## Certificate and Short-term Courses :

Adding more value to the education of students and to increase their employability and cater to their interests, the college also offers 6 months certificate course in Sports Nutrition which is offered in collaboration with the Swarnim Gujarat Sports University, Gandhinagar. 1-year certificate courses in Interiors and Fashion Designing are also being conducted. Apart from these various departments offer short term courses too.

## Quintessence of SMPC :

With an integrated approach towards holistic development of the students, the college has state of the art infrastructure and accomplished faculty.

## The Infrastructure :

With the CPE Grant of 2.25 crores, the college has progressed admirably. The institution is well equipped with Smart Classrooms, all the departmental laboratories have advanced instruments, air-conditioned Auditorium, RFID automated library with INFLIBNET and photocopy facility, CCTV cameras for safety, advanced English Language Laboratory, Creche, huge parking space, canteen, rain water harvesting, huge lawns and many more illustrious features make our college distinct.

## The Faculty :

The teaching faculty is at par with the State and National level pertaining to their qualifications. More than 50% of the staff have doctoral degrees and an average teaching experience of more than 16 years. The college has also received grants from UGC for major and minor research projects. Learning is a constant process and thus the college organises seminars and workshops for the students. The faculty also stay updated in their field of work by attending National and International conferences, seminars and workshops and also participate in Faculty Development Programmes.

## Counselling System :

As per the UGC norms, the college has a mentor-mentee counselling system. Adolescence being a very delicate age, the Mentors take care of the academic, emotional, social and mental health of the students. Annual Parent teacher meetings are a stronghold of the college. The college follows the CBCS system which focuses on continuous evaluation in theory as well as practice. The pedagogy also involves group discussions, peer group studies, assignments, model making, seminars, field visits, demonstrations, games which help the students acquire knowledge. Departments also offer internships to students for experiential learning. The college promotes advanced learners to take up teaching in junior classes. Guidance to

pursue further studies is carried out for third year students with expert advice.

## Training and Placement Cell :

The Udisha and Placement cell organises campus placements for graduates. The Students are also trained by experts for soft skills and interpersonal skills required at the workplace through scheduled training. With the Student start-up and Innovation policy of the government, for future projects, the college is training students for the same. Home Science being a combination of Arts, Commerce and Science, our students are very skilled and their creations are displayed through exhibitions, shows, and open house programmes.

Reinforcing the students from indigent sections of the society:

The college has a unique project for needy students. Students who cannot pay fees are provided financial assistance from the funds collected by the staff. Government scholarships are provided according to the norms for SC, ST, OBC, SEBC students.

Co-curricular and extra-curricular activities:

Co-curricular and extra-curricular activities help the students to develop confidence, leadership skills, participatory skills, develop critical thinking and help them inculcate intellectual divertissements.

Various activities are carried out under Sapt Dhara where the students participate at college, University, State and National levels to exhibit their skills.

## MOUs and Collaborations :

The college has worked closely with MoDe NGO, Rotary Club of Anand Milk City and Madhuvan Foundation NGO and has collaborated with Aatapi Seva Foundation, Vadodara, for future community-based projects.

The Institute is creating a ripple effect of positive change in the community by educating young women, which is a testament of dedication to fulfil the vision and mission of the Institute.

Principal, S.M. Patel College of Home Science

।। વિદ્યાવૃત ।।

**આર. એમ. દેસાઇ મ્યુઝિક એન્ડ ડાન્સ કોલેજમાં પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત રમા મનુભાઈ દેસાઇ મ્યુઝિક એન્ડ ડાન્સ કોલેજમાં તા.૩૦/૧૨/૨૦૨૦ના રોજ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ, મુખ્ય મહેમાનશ્રી આર.સી. તલાટી, અતિથિ વિશેષ જાણીતા સંગીતકાર બ્રીજ જોષી અને અતિથિ વિશેષ ઇશ્વરભાઇ પારેખ, સંગીત વિદ્યાલય અને કોલેજનાં આચાર્યશ્રી ડો.ધીરૂભાઈ દેસાઇની ઉપસ્થિતિમાં પુસ્તક વિમોચનનો કાર્યક્રમ યોજાયો. જેમાં કોલેજના અધ્યાપક તસવ્વુર મલેક દ્વારા રચિત સંગીતના પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તકો વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ, થીયરી અને ડિપ્લોમા તેમજ ડિગ્રી અભ્યાસક્રમમાં ખુબજ ઉપયોગી થશે. મંડળના અધ્યક્ષ ભીખુભાઈ પટેલે સંગીતની ઉપયોગિતા જણાવી હતી. મંડળના માનદ્ સહમંત્રી આર.સી. તલાટીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું જેમાં તેઓએ જણાવ્યું હતું કે માનવી તરીકે જન્મ લેવો એ ભાગ્ય છે, પણ કલાકાર તરીકે જન્મ લેવો તે તમારા બધાંનું સૌભાગ્ય છે. જ્યારે જાણીતા સંગીતકાર બ્રીજ જોષીએ જણાવ્યું કે સંગીત એ સતત ચાલતી પ્રક્રિયા છે. સંગીત વિદ્યાલયના ઇશ્વરભાઇ પારેખે વિદ્યાર્થીઓને ખુબજ રિયાઝ કરવાની શીખ આપી. આ સમયે કોલેજના આચાર્યશ્રી ધીરૂભાઈ દેસાઇએ સૌનું અભિવાદન કર્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓ અને અદ્યાપકો દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફ સૌનો ફાળો મહત્ત્વનો બની રહ્યો.


ISSN 0976 – 9609

# Physical Education and Nation Building

P.D.Sharma

Today modern life is facing different types of stresses-mental, social, economic, emotional, and intellectual. Dr. Robert Milliken, a Nobel Prize winner in science, has rightly said: "The age of invention brought the age of discovery, the age of power; the age of power has brought the age of leisure with its many unsolved problems." In this context, physical education can be of great service to our society by developing healthful and balanced living. Educationist all over the world has accepted that physical education through its sports and games programme has the best opportunity and the best environment to teach values along with the development of necessary self-image and self- respect. This is because physical education is "doing" process and the child learns best through doing. further, the world of games and sports is dramatic and provides an impressionable climate along with innumerable opportunities to initiate action, table risks, and accept responsibility and consequences. All these opportunities act as the building blocks for character development.

## Modern Concept of Physical Education

Modern Physical Education recognises its responsibility for man's total development, i.e.physical, mental, emotional, and intellectual. Through it, the teacher has an opportunity to nurture health, happiness, character, and the democratic spirit among the children. We should also remember that life is lived as a whole and thus physical education must contribute towards all of it, for example, if it is a democratic culture like in our country, then physical education must contribute to it by teaching respect for personality and freedom of opportunity within its activities. In short, physical education, when well taught, can contribute more to the goals of general education than can another school subject.

## Misconceptions about Physical Education

Today, physical education is considered an international discipline as well as a fundamental human right. The 'International Charter of Physical Education and Sport,' adopted on 21 November 1978 by the UNESCO, rightly stresses that promotion of physical education and sport from a preschool age to old age should be treated as one of the fundamental human rights by the national government. But, it is unfortunate that even now more emphasis is put on the adjective 'Physical' than on the noun 'Education.' And thus physical education is treated as the education of the physical only. Similarly, various other misconceptions are still prevailing in our Indian education system. Some of them are:

Physical Education is a hodgepodge of unrelated, unplanned, and largely untaught physical activities having an apparent objective other than some relationship to physical fitness.

Physical education mainly play and that play needs neither instruction nor supervision.

Physical education is a rest period between the academic periods and these periods are designed to give other teachers a free

period.

There is no scientific basis for the field of physical education.

Credit should not be given to physical education, because it holds no academic value and the goals of education cannot be found in a physical education class.

Physical education teachers are below average in intelligence and similarly, no class preparation is needed on the part of the physical education teacher.

So, if physical education is to be put on sound footing, then there is an urgent need to remove these misconceptions from the minds of our policy-makers, administrators, supervisors, head masters and also parents. No National Physical education program can be successful without the whole-hearted support of all the classes of society.

## Observations and Suggestions

Some of the important observations and suggestions are:

The major purpose, of not the ultimate aim, of any government is nation-building. This goal is more apparent in developing countries, such as India than in advanced countries. Thus, the common goal of the National Programme of Physical Education and Sports should be to enable the human body to more effectively and efficiently so as to maximize its owner's capacity to utilize his vocational competencies to contribute to nation-building.

There is a need to set up a National Council of Physical Education by the Ministry of Education Government of India, to frame policies and programmes at the national level as well as advice State Governments and Universities on a matter related to physical education.

There is a great need to popularize the mass programs like 'Run for Health' and 'Sports for All ' in the public through the press, radio, television and sports documentaries, so as to develop health consciousness as well as the need for physical fitness in a common man.

Every progressive country in the world has recognized the need for national physical fitness and has taken different kinds of measures to promote it, In India, even though physical fitness has been landed as a great national need and asset, it has been given very little attention. Thus, a National Physical Fitness Council at the center, with a corresponding council in every state, should be set up to consider and assist in all measures intended to promote physical fitness among the people.

Education for physical fitness should be started at a young age so that the children become well aware of their emotional and physical well-being.

Finally, we should keep in mind that "physical education can help to promote a happier and peaceful world by instilling a spirit of fair play in every child, helping in the development of healthy and physically fit individuals, developing an understanding of the worthy use of leisure time fastening social equality, furthering democratic procedures, promoting the belief in the dignity of man, and developing an appreciation of the simple things, as against the collection of great possessions and material health."

---

B-1 Swiss Avenue, Patel Colony, Opp. Manekbaug Hall, Ambawadi, Ahmedabad-380 015.
(R) 079-26564650 (M) 9898870840



ISSN 0976 – 9609

# A Two-Day National Seminar cum Exhibition on Rabindranath Tagore

**Dr. Mitul Trivedi**

## About the National Seminar

A Two-Day National Seminar cum Exhibition on Rabindranath Tagorewas organized by the HM Patel English Studies Centre, in collaboration with the CVM College of Fine Arts,during January 18 – 19, 2021. The central theme of the National Seminar was Shades, Sounds and Words. The National Seminar mainly attributed to the immense contribution of Gurudev Rabindranath Tagore in the fields of music, paintings and literature. An exhibition of paintings on Rabindranath Tagore was organized online, which was hosted by the Global Association of English Studies on its official website www.thegaes.org. The National Seminar also had a series of six expert sessions dealing with and focusing upon the Art of Rabindranath Tagore, Rabindra Music and his immense contribution to the field of Literature.

## About the Organizing Institutions

The event was chiefly organized by the HM Patel English Studies Centre, a constituent Institution of the CVM University. The Institute aspires to be an International Centre of Excellence for the study, teaching and research in various disciplines and sub-disciplines of English Studies. The National Event was organized in collaboration with the CVM College of Fine Arts which is a dream venture of Charutar Vidya Mandal. It is an institution that aims to provide creative learning environment for various branches of Fine Arts.

## Seminar Committees and Execution

The seminar cum exhibition was conducted on Google Meet and was also streamed live on the YouTube platform. There were 595 delegates who have participated and theparticipants registered from 24 states of India. The event conveners were Dr. Mitul Trivedi, Director, H M Patel English Studies Centre and Shree Kanu Patel, Director, CVM College of Fine Arts. The Entire National Event was coordinated by Dr. Dipak Bhatt and Mr. Joel Koshy.

## Inauguration Ceremony

The event began with the Inauguration Ceremony at 11:00am on 1January 18, 2021. The Chief Guest of the ceremony was Dr. Uttam Pacharne, Chairman of National Lalit Kala Akademi, New Delhi. The Guests of Honour were Prof. P M Udani, Director General,the CVM University and Prof. Rajendrasinh Jadeja, Hon. Director, HM Patel Career Development Centre. The Inaugural Ceremony began with an address by the Chief Guest and was followed by an address by the Guests of Honour. The Vote of Thanks for the Inaugural Ceremony was presented by the Event Coordinator, Mr. Joel Koshy.

## Expert Sessions

The Keynote address on 18th January 2021 was given by Prof. Rajendrasinh Jadeja at 11:45am. The title of his ExpertAddress was The Education Philosophy of Rabindranath Tagore and New Education Policy. Prof. Jadeja began the address with a poem of Rabindranath Tagore. A brief summary was presented on one of the famous poems of Gurudev Rabindranath Tagore. He also mentioned about Mahatma Gandhi's

contribution in Tagore's work named Geetanjali. An introduction to the New Education Policy was given and the audience were asked to share their thoughts. The keynote address was concluded by sharing the ideas and thoughts of Shree Rabindranath Tagore on Indian Education.

The keynote address was followed by two Plenary sessions fromExperts. The first session was conducted at 1:00pm by Shree Kanu Patel and the title of his address was Contemporary Aesthetics: Influence and Relevance of Rabindranath Tagore in Contemporary Context. The address was started by describing the beauty of Indian culture. Shree Patel talked about the life experiences, the journey and the contribution ofShree Rabindranath Tagore in literature and paintings. He also mentioned how Rabindranath Tagore collaborated Indian Art with contemporary India and how his works can develop spiritual personality. The address concluded with discussion on Mahatma Gandhi's views on the works of Rabindranath Tagore.

The second plenary session for January 18, 2021 was conducted at 3:30pm by Dr. Vaibhav Joshi on the title Narrative of Life in Tagore's The Post Office. The Expert talked about various characters of The Post Office in detail.His presentation mainly dealt with Tagore's concept of Celebrating Life in every human situation. Dr. Joshi focused on Tagore's optimism and positivism as reflected in his literary constructions. The Session was highly well-received and greatly appreciated by all the Seminar delegates.

On January 19, 2021,the National Seminar began with an Expert Plenary Session at 11:00am by Dr. Paushali Das and the title of her address was The journey of Rabindranath Tagore as an Artist. The session began with the explanation of the art work of Shree Rabindranath Tagore. The paintings included self-portraits, portraits of a woman, human faces and characteristics. The session was concluded by answering the queries from the audience.

The fourth Expert Plenary Session was conducted by Lf. (Rtd.) Shri Dr.Satishchandra Vyas at 12:10pm. The title of his address was Rabindra Music and its Journey: A Study into the Tradition of Tagore. Dr.Vyas talked about Rabindranath Tagore's passion towards classical music and his contribution in Bengali songs. Some of the noteworthy songs by Rabindranath Tagore were mentioned at the end of the session.

The fifth Expert Plenary Session was conducted by Prof.Ashok Sachdeva at 2:30pm. The title of the address was Tagore and his Legacy: Indian Writing in English after Rabindranath Tagore. Prof.Sachdeva talked about the translated works of Rabindranath Tagore. The literature of India and British colony was discussed along with the criticism on Shree Rabindranath Tagore's work.

## Valedictory Function

The Two-Day National Seminar cum Exhibition on Rabindranath Tagore ended with the Valedictory function at 3:30pm on January 19, 2021. The Chief Guest for the function was Prof. Ami Upadhyay, Vice chancellor, Baba Saheb Ambedkar Open University, Ahmedabad and the Guest of Honour was Prof. Sunny Thomas, Dean, Faculty of Arts, the CVM University. The valedictory function ended with a Vote of Thanks by Dr.Mitul Trivedi.



### Conclusion

The event was a grand success because of the collective efforts of both the organizing institutions, the organizing committee members, staff members, students, participants and all the eminent scholars who had contributed immensely to the Event.


ISSN 0976 – 9609

# A Two-Day National Seminar cum Exhibition on Rabindranath Tagore

organized by The HM Patel English Studies Centre in collaboration with The CVM College of Fine Arts on January 18-19, 2021 hosted by The CVM University & The Global Association of English Studies






Paintings by : Kanu Patel







ચારૂતર વિદ્યામંડળના એનએસએસ વિભાગ અને સીવીએમ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદની ૧૫૮મી જન્મ જયંતિ પર રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય કક્ષાના એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી ભાષા-સાહિત્યના પ્રખર વિદ્વાન ડૉ.નરેશ વેદે મનનીય વક્તવ્ય દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ચારૂતર વિદ્યામંડળના ચેરમેન શ્રી એંજિનિયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનિષભાઈ પટેલ, સેક્રેટરી શ્રી ડૉ.એસ.જી. પટેલ, માનદ્ સહમંત્રીઓ શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ, શ્રી રમેશ તલાટી તથા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજના આચાર્ય ડૉ.ભાવેશ પટેલ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

BOOK POST
February 2021

V-Vidyanagar 23 (2)
Published on 5/2/2021
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month



**Thomas Alva Edison**

11 February 1847 ~ 18 October 1931

Thomas Alva Edison was an American inventor and businessman who has been described as America's greatest inventor. He developed many devices in fields such as electric power generation, mass communication, sound recording, and motion pictures.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )

Printed at Lajja Communications, Vidyanagar 388 120